
# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - ૬ અંક : ૬૩ જુલાઈ-૨૦૧૨


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | મુક્તરાજ બોરસલી | ૪ |
| ૪. | પ. પૂ. મહારાજશ્રીનું આશીર્વચન | ૫ |
| ૫. | ભક્તિ અનુરાગરૂપા | ૭ |
| ૬. | ગુરુ વિના કલ્યાણ અશક્ય | ૮ |
| ૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૧ |
| ૮. | સત્સંગ બાલવાટિકા | ૧૩ |
| ૯. | ભક્તિસુધા | ૧૫ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૧૯ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૦ |


**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ આત્મીયમ ॥

ચાતુર્માસનો અષાઢ સુદ-૧૧ એકાદશીથી પ્રારંભ થયો. સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને વિશેષ ભજન સ્મરણ માટે આપણને સરળ અને સહેલો ઉપાય બતાવ્યો છે. સાડ ચાર માસ નામ સ્મરણની માળા, કીર્તન ભક્તિ, પ્રદક્ષિણા, સત્તશાસ્ત્રોનું વાચન, સાષ્ટાંગ દંડવત એમ કુલ ૮ નિયમ માંથી એક નિયમ અવશ્ય લેવું. આ બધા નિયમો આકરા નથી. જેથી સરળતાથી થઈ શકે તેવા નિયમ ભગવાને આપણને આપ્યા છે. જો કે આ વખતે અધિક ભાદરવો પુરૂષોત્તમમાસ આવે છે. જેથી આપણે વધુ એક માસ ભજન કરવાનું મળશે. આપણને આવો સત્સંગનો જોગ મળ્યો છે. તેથી આપણા અહોભાગ્ય છે. જગતના લોકોને આવો જોગ ક્યાં મળે !

અધિક ભાદરવો પુરૂષોત્તમમાસ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ભવ્યતાથી ઉજવાશે. જેથી સૌ હરિભક્તો દર્શનનો લાભ લઈ જીવન કૃતાર્થ કરશો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

## અધિક પુરૂષોત્તમ માસમાં હરિભક્તોને યજમાન બનવા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અધિક પુરૂષોત્તમ(અધિક ભાદરવો) માસમાં વરસમાં આવતા દરેક ઉત્સવો ઉજવવાનું સુંદર આયોજન કર્યુ છે. તો તેમાં જેમને યજમાન બનવાનો લાભ લેવા ઈચ્છા હોય તેમણે કોઠાર ઓફિસમાં નામ નોંધાવી જવું.

- કોઠારી સ્વામી

## આપણા આગામી ઉત્સવો

**શ્રાવણ સુદ-૮ :** તા. ૨૬-૭-૧૨ ગુરૂવાર શ્રી સ્વામિનારાયણ મંદિર, દિલ્હી પાટોત્સવ.
**શ્રાવણ વદ-૫ :** તા.૭-૮-૧૨ મંગળવાર શ્રી સ્વામિનારાયણ મંદિર, જયપુર પાટોત્સવ.
**શ્રાવણ વદ-૮ :** તા. ૧૦-૮-૧૨ શુક્રવાર શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૈયો.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



૨૯ મે થી ૧૨ જૂન અમેરિકા I.S.S.O. ના સૌ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી રજત જયંતી પાટોત્સવ અને I.S.S.O. ના અન્ય ચેપ્ટરોમાં પધરામણી.

**(જૂન-૨૦૧૨)**

૧૩-૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર (કચ્છ) પધરામણી.

૧૫.શ્રી સ્વામિનારાયણ મંદિર ખોખરા, પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬.શ્રી સ્વામિનારયણ મંદિર, વડનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮.શ્રી સ્વામિનારાયણ મંદિર, મોટા ધરોડા (પંચમહાલ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, ડાંગરવા પધરામણી.

૨૨. પ.ભ. જીગરભાઈ દિપકભાઈને ત્યાં કુબડથલ ગામે પધરામણી.

૨૨-૨૩-૨૪ મુંબઈમાં વાલી (રાજસ્થાન) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) તરફથી આયોજીત શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર અભિષેક પોતાના વરદ્‌હસ્તે સંપન્ન થયો. શ્રી સ્વામિનારાયણ મંદિર,સાણંદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## સર્વોપરિ શ્રીહરિના ૮માં વંશજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમેરિકાની સત્સંગ યાત્રા

સર્વોપરિ સંપ્રદાયના સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રી ૨૨ મે ૦૧૨ થી ૬ જૂન ૦૧૨ દરમ્યાન અમેરિકાની ધર્મયાત્રાએ પધાર્યા હતા. સૌ પ્રથમ આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર અને ત્યાંથી એટલાન્ટા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યુવાનો અને બાળકોને સભામાં સુંદર આશીર્વાદ આપી રાજી કર્યા હતા. અને સૌ ભક્તોને મંદિરમાં દર્શને આવવા અને સેવા કરવા પ્રેરણા કરી હતી. ત્યાંથી આપણા આઈ.એસ.એસ.ઓ. ના નવા નિર્માણ થઈ રહેલા બાયરન મંદિરનું કામ જોવા પધાર્યા હતા. ત્યાંથી પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે આપણા ન્યુજર્સી વિહોકન મંદિરના ૨૫માં પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા. ન્યુજર્સી મંદિરમાં શ્રીહરિના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં વંશજે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી આરતી ઉતારી લાખો ભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપી રાજી કર્યા હતા. ત્યાંથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે વોશિંગ્ટન પધાર્યા. જ્યાં આપણા ઘણા હરિભક્તોને ત્યાં પધરામણી કરી આશીર્વાદ આપી રાજી કર્યા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અમેરિકાના ધર્મપ્રવાસ દરમ્યાન ઈલીનોઈસ, જ્યોર્જીયા, ન્યુયોર્ક, ન્યુજર્સી, મેરીલેન્ડ અને ડેલાપરમાં હરિભક્તોને ઘેર પધરામણી કરી હતી અને સૌ હરિભક્તોને શ્રી નરનારાયણદેવનો દઢ આશરો અને દઢ નિષ્ઠા રાખીને ભક્તિ કરવા આજ્ઞા કરી હતી. યુવાનો અને બાળકોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આગમનથી બળ અને પ્રેરણા મળી.

(આઈ.એસ.એસ.ઓ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-યુ.એસ.એ.)

# મુક્તરાજ બોરસલી

-સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુર)

આપણા નંદસંતો રચિત કીર્તનો સાંભળીને અથવા લેખક સંતોએ શાસ્ત્રોમાં કરેલા વર્ણનથી કે શ્રીહરિએ સ્વમુખે કરેલ પરાવાણી વચનામૃત થકી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપ પણાની દિવ્યતાનું શ્રવણ વાંચન શરીરના રૂંવાડા ખડા કરી નાખે એવી મોટાઈ છે. જે ને પાર કોઈ પહોંચી શક્યુ નથી. ભવબ્રહ્માદિકથી અક્ષર સુધીના કોઈ શ્રીહરિના સ્વરૂપને સંપૂર્ણ જાણવા સમર્થ નથી. વેદો જેને નેતિ નેતિ કહે છે. જેને સહસ્ત્ર મુખે ગાય તોય જેમના ગુણો ને સંપૂર્ણ કહેવા સમર્થ નથી. એવા શ્રીજી મહારાજના મનુષ્ય સ્વરૂપે પાંચસો પરમહંસો સહિત જેને અનંતવાર દર્શન કર્યા એવા મુક્ત સદેહે હોય તેના દર્શન કરવાની અને તેની પાસે બેસવાથી કેટલો આનંદ થાય ! આપણા સંપ્રદાયમાં કેટલાક મુક્તો સદેહે હયાત છે. જેઓ મનુષ્ય દેહે નથી પરંતુ તરુવર (વૃક્ષ) ના દેહમાં એવા મુક્તોનાં દર્શન એ દિવ્યતાનો લ્હાવો આપવા શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલાક તીર્થ સ્થાનો માં રાખ્યા છે. પણ આપણા સૌની નિત્ય દોટ ભૌતિકતા તરફ વધારે હોવાથી આવા દિવ્ય મુક્તોનાં દર્શન કરવા જવાની પ્રબળ ઈચ્છા થતી નથી.

સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન સહિત પાંચસો પરમહંસોનાં અક્ષરધામના મુક્તોના અનંતવાર દર્શન કરીને જેને કાનોકાન સાંભળેલાં મહારાજના મુખે વચનામૃત અનંતવાર, તેમજ પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, અયોધ્યાપ્રસાદજી મહારાજ જેવા કવિઓના મુખે કીર્તનો શ્રવણ કર્યા છે. એવા અક્ષરધામના મુક્ત જેતલપુરધામમાં દેવસરોવરના કિનારે આવેલા પ્રસાદીની વાડીમાં બોરસલી મુક્તરાજ વૃક્ષોના દેહમાં વિદ્યમાન છે. સંપ્રદાયમાં શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કર્યા હોય એવા કેટલાક મુક્ત તરૂવર દેહમાં રહ્યા છે. તે પૈકીના સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ જેતલપુરમાં બોરસલી બિરાજમાન છે. તે બોરસલીના હેઠળ શ્રીજી મહારાજે અનંતવાર સભા કરી હતી. બેસવા માટે વિશેષ ત્યાં બોરસલીની છાયામાં ભગવાનને પસંદ હતું. કેમ કે તે મુક્તની મહારાજ સેવા લઈને તેને રાજી કરતા. જેતલપુરમાં બોરસલી અને આંબલી આજે પણ દર્શન આપે છે. તે મુક્તના ભાવ પૂર્વક દર્શન માત્રથી ભવબંધન છૂટી જાય. પાપમાત્ર જન્મો જન્મનાં બળીને ભસ્મ થઈ જાય. અને ચિંતામણી તથા કલ્પવૃક્ષની જેમ જે જે સંકલ્પ કરવામાં આવે છે તે સત્ય થાય છે.

આ મુક્તરાજ બોરસલીના ફુલને હજારોવાર મહારાજે કંઠમાં ધારણ કર્યા છે. અને આજે પણ જે કોઈ માણસ તે પુષ્પ નો હાર બનાવી બળદેવજીબાપાને અર્પણ કરે છે તેના જીવનમાં કોઈ કમી રહેતી નથી. જાણે શ્રીહરિ પ્રત્યક્ષ પુષ્પ માળા સ્વીકારતાં હોય એવો અનુભવ થાય છે. પૂનમના દિવસે બળદેવજી બાપાનાં દર્શન કરવા આવતા લાખો ભક્તોમાં ભાગ્યેજ કોઈએ મુક્તરાજ બોરસલીના દર્શન કર્યા હશે ! જે પ્રસાદીની વાડીમાં આવેલ છે.

જેને નજરોનજર શ્રીહરિના દર્શન અનંતવાર કર્યા હોય એવા મુક્તરાજ બોરસલીનાં દર્શન-પરિક્રમા કરવો એક જીવનનો અમૂલ્ય લ્હાવો છે. જરૂર પધારો. વિના પ્રયાસે અક્ષરધામની દિવ્યતાનો



અનુભવ થશે.

શ્રી હરિએ સ્વમુખે વચનામૃત ગઢડા મધ્ય-૧૩ માં કહ્યું છેકે ''ભગવાન જે જગ્યામાં બિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે. અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિ જે જે ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. એવી રીતે જેને ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠેજ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેશે નહીં ને સ્વતંત્ર થાય છે. તથા વડતાલ-૧૨ માં શ્રીહરિ બોલ્યા કે ''ધન્ય વૃન્દાવનવાસી વડની છાયા રે, જ્યાં હરિ બેસતા.'' એ મહાત્મનું કીર્તન ગાવો પછી તે કીર્તન ગાયુ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે એમ પરમેશ્વરના યોગ ને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે. માટે જે વૃક્ષ તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું. તથા ગઢડા અંત્ય-૨૨ માં કહ્યું છેકે જેવી ભગવાનની મરજી હોય તેવો તેનો આકાર બંધાય છે. અથવા એ ભક્તને જેવો સેવાનો અવકાશ આવે તેવો આકાર ધરીને ભગવાનની સેવા કરે છે.''''

એટલે કે અક્ષરધામના મુક્તને બોરસલીના વૃક્ષનો દેહ આપીને એ રૂપે સેવા ભગવાને અંગીકાર કરી અને એવા ભગવાનના કૃપાપાત્ર દિવ્ય મુક્તરાજ બોરસલી આપણા સૌને જેતલપુર ધામમાં દર્શન આપે છે. અને બીજા મુક્ત આંબલીના દેહમાં રહીને પણ દર્શન આપે છે. સંપ્રદાયમાં વર્તમાન સમયમાં બહુંજ ગણત્રીના વૃક્ષના દેહમાં રહેલા મુક્તો શ્રીજી મહારાજની આજ્ઞાથી રહ્યાં છે. તેમાં સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ બોરસલી મુક્તરાજ છે.

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી એ બોરસલીની તળે થયેલી શ્રીહરિની લીલાઓના અનેક કીર્તનોની રચના કરી છે. જેમાં ''હરિ મીલે બોરસલી કી છૈયા'' ના પદ-૪ ખૂબજ પ્રસિદ્ધ છે.

વર્તમાનમાં સાયન્સ પણ કહે છે કે બોરસલીનાં નીચે બેસવાથી મનનાં વિચાર શાંત થાય છે. અને મનનાં રોગ મટે છે.

# પોતાની વૃત્તિ મહારાજની અનુવૃત્તિમાં જોડવી
## પ. પૂ. મહારાજશ્રીનું આશીર્વચન



(સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા, બાપુનગર)

તા.૧-૩-૧૨ ના રોજ એપ્રોચ (બાપુનગર) મંદિરના સાતમા પાટોત્સવની પ્રાસંગિક સભામાં જે સ્થળે જેવું ઘટે તેવું આશીર્વચન આપતા કહે છે. પૂર્વે મોટા મોટા ઋષિમુનિઓ તથા વિદ્વાનો થયાં, પરંતુ તેઓના હજારો વર્ષના તપ કે વિદ્વતાના કારણે તેઓને ભગવાન પ્રાપ્ત થવા કે તેઓનું આત્યંતિક કલ્યાણ થવું જે દુર્લભ હતું તે શ્રીજી મહારાજે વર્તમાન કાળે સત્સંગમાં આપણા સૌના માટે ખૂબ સુલભ કરી આપ્યું છે. મહારાજની આજ્ઞા અને અનુવૃત્તિમાં રહીને એક અભણ ખેડૂત પણ ખૂબ સરળતાથી પોતાનું આત્યંતિક શ્રેય સાધી શકે છે.

મહારાજને રાજી કરવા હોય તો પોતાનો સ્વભાવ ટાળી, પોતાનું ગમતું મૂકી મહારાજના ગમતામાં રહેવું પડે. પોતાની વૃત્તિને મહારાજની અનુવૃત્તિમાં જોડવી પડે. મહારાજે પાણી ગળાવતા પહેલા પોતાના આશ્રિતોના સ્વભાવ ગળાવ્યા છે. આપણે જૂના મંદિરોમાં જઈએ, મહારાજે બંધાવેલા નવ મંદિરો અને ત્યાર પછી ઘણા મોટા મંદિરો બન્યા, જેમાં મંદિરોના દરવાજા પર મોટા મોટા ખીલા લગાવેલા આપણે જોઈએ છીએ. અમદાવાદ, વડતાલ, ગઢડા વગેરે મંદિરોના દરવાજા પર આ પ્રકારના ખીલા દરેકે જોયા હશે. આ ખીલા લગાવવાનું એક કારણ સલામતીનું હોય શકે. લશ્કર હલ્લો કરે તેનાથી મંદિરનું રક્ષણ કરવાનું, પરંતુ આપણાં મંદિરો પર આવા કોઈ હલ્લા ક્યારેય આવ્યા નથી. પરંતુ આનું કારણ આપણા નંદ સંતો એમ કહેતા કે મંદિરમાં દર્શન કરવા જઈએ ત્યારે આપણા સ્વભાવની થેલી, આપણી પ્રકૃતિનું પોટલું આ ખીલા પર ભરાવી દેવાનું, પછી હળવા થઈને ભગવાનનું દર્શન કરવા જવાનું તો અવશ્ય ભગવાનનું દર્શન થાય. ઈર્ષ્યા, અદેખાઈ, અહંકાર, માન-મોટાઈ, ક્રોધ, લોભ વગેરે દોષોના પોટલા સાથે મંદિરમાં જઈએ તો ભગવાનની મૂર્તિ તો દેખાય પરંતુ મૂર્તિમાં ભગવાન ન દેખાય. મૂર્તિમાં મહારાજનું પ્રત્યક્ષપણું ન અનુભવાય અને ઘણીવાર તો મૂર્તિ કરતા પણ આજુબાજુના લોકો વધારે દેખાય ! આજે સ્થિતિ એવી છે કે સભામાં હાર પહેરાવવા ન મળ્યો હોય તો પણ ઘણા કંઠી પેક કરીને મંદિરમાં પાછી આપી જાય અને કહે કે હવે સત્સંગમાં પહેલા જેવું કંઈ રહ્યું નથી. જગત જેમ વ્યવહાર પ્રધાન થતું ચાલ્યું છે તેમ સત્સંગ પણ વ્યવહાર પ્રધાન થતો જાય છે !

એક ગુરુએ તેના શિષ્યને કહ્યું, આ પાત્ર આખું ધૂળથી ભરીદે. શિષ્યએ તેમ કર્યું. પછી ગુરુ કહે : હવે આ પાત્ર ભોજનથી ભરી દે. શિષ્ય કહે : ગુરુજી ! હવે આ પાત્રમાં ભોજનના પદાર્થો સમાઈ શકે તેમ નથી કારણ કે તેતો ધૂળથી સંપૂર્ણ ભરેલું છે. તેમ આપણે આપણાં સ્વભાવ-પ્રકૃતિના દોષો સંઘરીને મંદિરમાં જઈએ તો ભગવાનનું દર્શન તથા સત્સંગનું સુખ ન આવે. આપણી બુદ્ધિના ઘડનાર પણ મહારાજ છે. તેથી સત્સંગમાં મહારાજની જે યોજના હોય તેમાં આપણી બુદ્ધિના બળે દોષ જોવા જ જઈએ તો મહારાજ પ્રત્યેની આપણી નિષ્ઠામાં ઉણપ છે.

બ્રહ્માનંદ સ્વામી, દાદા ખાચર, પર્વતભાઈ વગેરે મોટા મોટા સંત હરિભક્તોને આપણે યાદ કરીએ છીએ. શા માટે ? કારણ કે તે બધાને મહારાજ મળ્યા પછી તેઓએ પોતાનું ગમતું કંઈ રાખ્યું જ નથી. તેઓ મહારાજને સમર્પિત થઈને રહ્યા, મહારાજને રાજી કરવાનું જ એક લક્ષ રાખીને રહ્યા. બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા ત્યારે દાગીના પહેરીને તથા વિદ્વતાનું સૂક્ષ્મ અભિમાન લઈને આવ્યા હતા. મહારાજ મળ્યા પછી બધું જ મહારાજના ચરણોમાં ઢોળી દીધું. દાગીના કે ધન છોડવું તો કદાચ સહેલું હોય, જોકે એ પણ ઘણીવાર નથી છુટતું પરંતુ સ્વભાવના પ્રકૃતિ જન્ય દોષો છોડવા વધારે અઘરા છે. આ દોષોને ટાળીને મહારાજના ગમતામાં રહેવું એ જ મહારાજ પ્રત્યેની સાચી નિષ્ઠા છે.

દાદા ખાચરની વાત કરીએ તો મહારાજ કોઈ જગ્યાએ રોકાયા નહીં અને દાદાના દરબાર ગઢમાં રહ્યા તે મહારાજ દાદામાં શું ભાળી ગયા હશે ? દરબારગઢ પણ એવો કંઈ મોટો નથી કે દાદા પણ એવા કંઈ બહુ મોટા રાજા નહોતા કે મહારાજને ત્યાં રોકાવાનું મન થઈ જાય ! મહારાજને જો પદાર્થ

કે રાજ્યમાં જ રસ હોત તો વનવિચરણ દરમિયાન મયારાણીએ કહેલું કે હે મહારાજ ! તમે અમારા મહેલમાં જ કાયમ રહો. અમારું આ રાજ્ય તમે ચલાવો અને અમારી આ બે કન્યાનો પણ તમારી સાથે વિવાહ કરીએ. આ તો એક દ્રષ્ટાંત આપ્યું. આવી તો ઘણી વાતો છે. મહારાજ ક્યાંય રોકાયા નથી. મહારાજ દાદાના દરબારગઢમાં રહ્યાં તેની પાછળનું જો કોઈ કારણ હોય, તેની પાછળ જો કોઈ ચાવી હોય તો એ છે કે દાદા ખાચર તથા તેના પરિવારે પોતાનું ગમતું મૂકીને, પોતાના સ્વભાવ ટાળીને મહારાજને ગમતામાં સદાય રહ્યાં.

સ્વભાવની વાત કરીએ તો મહારાજ તો સ્વભાવ-પ્રકૃતિથી પર હોય છે. તેઓ જે કંઈ કરે તે લીલા કહેવાય છે. પરંતુ મહારાજ સિવાય તમામને પોતાની સ્વતંત્ર પ્રકૃતિ સ્વભાવ હોય છે. હવે વિચાર કરો કે મહારાજ કંઈ એકલા દરબારગઢમાં રહેતા હતા ? સાથે એસેસરીઝ તો હોય ને ! મહારાજની સાથે સંત વર્ણી પાર્ષદો અને હરિભક્તોનો સમૂહ કાયમ હોય. પાંચસો મંડળધારી પરમહંસો, તે દરેકના સરેરાશ ૪ શિષ્ય સાધુઓ ગણો તો ૨૦૦૦ સાધુઓ તથા હજારો હરિભક્તો દરબારગઢમાં આવે અને જાય ! દરેકના અલગ-અલગ સ્વભાવ હોય. જમવામાં કોઈને ગળ્યું જોઈએ, કોઈને તીખું તો કોઈને મોળું ફાવે ! દરેકની સરભરા આ પરિવાર કરે, ખૂબ ભાવ અને પ્રેમથી ! ગઢડાના વચનામૃતોમાં મોટા ભાગે દાદા ખાચરનું નામ છે પરંતુ ક્યાંય એવું વાંચ્યું કે દાદાએ ક્યાંય ક્રોધ કર્યો હોય ?

દાદા મહારાજને કહે, અમારું તન, મન, ધન, રાજ્ય બધું તમને અર્પણ કર્યું. મહારાજ કહે, અમને તો તમારું ગામ-ગરાસ વગેરે કંઈ ગમતું નથી. અમને તો એકાંતમાં રહેવું વધારે ગમે છે. પરંતુ પછી મહારાજે દાદાની કસોટી કરવાનું વિચાર્યું. એક સમયે મહારાજ દાદાને કહે, તમે મોઢે કહો એ ન ચાલે. તમારું સઘળું રાજ્ય, ઘર-બાર અમને લખી આપો. દાદાએ તુરત જ મહારાજને બધું લખી આપ્યું. પછી મહારાજ કહે, હવે અહીં તમારું કંઈ નથી. તમે સપરિવાર અહીંથી નીકળી જાઓ. દાદાની ઉંમર ત્યારે બહુ મોટી નહોતી એટલે દાદાની બહેનો લાડુબા તથા જીવુબાએ દાદા માટે પોતાની સાથે રસ્તામાં જમવા માટે ટીમણ લીધું. મહારાજ કહે, આ શું લીધું ? બહેનો કહે, અમે અહીંથી નીકળીને ક્યાં જવાના છીએ તે કંઈ નક્કી નથી. દાદાની ઉંમર નાની છે. રસ્તામાં તેમને ભૂખ લાગે તો તેમને જમવા માટે સાથે થોડું ટીમણ લીધું છે. મહારાજ કહે : દાદાએ અમને સઘળું લખી આપ્યું છે. તો તેમાં ટીમણ ન આવી ગયું ? અમે તમને ક્યાં ટીમણ લેવાનું કહ્યું છે ? દાદા ખાચરના પરિવારને પહેર્યે કપડે જ નીકળી જવાની પરિસ્થિતિ ઉભી થઈ તો પણ દાદાને લેશમાત્ર સંશય થયો નહિ. નિશ્ચયમાં કોઈ ફેર પડ્યો નહિ. મુખ પર સહેજ પણ અણગમો આવ્યો નહીં. થોડું ચાલ્યા એટલે મહારાજે પાછા બોલાવ્યા.

આપણે મહારાજ માટે બંગલામાંથી એક રૂમ ખાલી કરવાનું આવે તો આપણે શું કહીએ ? મહારાજ ! તમે એપ્રોચ મંદિરે બરાબર છો ! અમે ત્યાં તમારું રોજ દર્શન કરવા આવીશું, બે ટાઈમ થાળ કરીશું. લક્ષ્મણજીવન સ્વામી મંદિરમાં તમને સાચવશે !

દાદાની તો ઘણી વાતો છે. દાદાના દરબારગઢની દિવાલનો ઉપરનો ભાગ ચણાય જાય. પછી મહારાજ કહે આ બરાબર નથી લાગતું, પાડી નાંખો. પાડી નાખ્યા પછી ચણાવીને ફરી પડાવે. આવું બે-ત્રણ વાર થાય તો પણ દાદાને મહારાજનો રંચ પણ અભાવ ન આવે ! આપણને ધાબું ભરાઈ ગયા પછી મહારાજ એમ કહે કે, ધાબું બરાબર નથી, પાડી નાંખો તો ક્રોધ આવે કે ન આવે ? ભંભલીમાં મોટું કોળું નાંખવાનું મહારાજ કહે તો પણ દાદા ને એમ થાય કે મહારાજે કહ્યું એટલે આ કોળું ભંભલીમાં જશે જ !

સત્સંગમાં કે ઘરમાં જતું કરવાની ભાવના હોય ત્યાં જ સંપ અને એકતા રહી શકે છે. ઘરમાં દરેકને અનુભવ હશે કે ઘરના સભ્યો લાંબો સમય સાથે રહેવાથી એકબીજાની આંખ પારખતા શીખી જાય છે. અમુક વસ્તુ એકબીજાને કહેવી પડતી નથી. સત્સંગમાં આજે આપણે જેના નામ લઈને યાદ કરીએ છીએ તે મોટેરા સંત-હરિભક્તોને મહારાજ આજ્ઞા કરે કે ન કરે, તેઓ મહારાજની મરજી જાણી જતા !

આ બધી વાતોમાં કોઈને કંઈ નેગેટીવ વાતો જેવું જણાય તો કોઈ પોતાના માથે ન ઓઢી લે. આ બધી જનરલ વાત છે. અને કદાચ કોઈ પોતાના માથે ઓઢી લે તો પણ તે અંતે તો લાભદાયી જ પુરવાર થશે. આપ સૌએ રજત-સુવર્ણ જયંતી અને ત્યાર પછી પણ દરેક મોટા ઉત્સવોમાં યજ્ઞ વગેરે ઘણાં વિભાગમાં ખૂબ નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. એ આપ સૌનું અંગ સદાય જળવાય રહે. મંદિરમાં બિરાજમાન નાનકડા રૂપાળા ઘનશ્યામ મહારાજ આપ સૌને ખૂબ સમૃદ્ધિ આપે, બહારની સમૃદ્ધિ અન્નવસ્ત્ર તો આપણું પ્રારબ્ધ રામપાતર કરતા પણ નીચું હોય તો પણ મહારાજે દરેકને આપ્યું છે અને બંગલા-ગાડી તો આજે મવાલી પાસે પણ હોય છે તે બહુ મોટી વાત નથી. પરંતુ અંદરની સમૃદ્ધિ - યજમાન પરિવાર તથા પાટોત્સવમાં સહભાગી દરેક ભક્તજનોને પ્રાપ્ત થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# ભક્તિ અનુરાગરૂપા

- સાધુ દેવસ્વરૂપ દાસ (જયપુર)

પરમાત્માની સાચી ભક્તિ તો એક કામધેનું છે, તેના અમૃત તુલ્ય પ્રેમ પયને પીને માણસ પરમાનંદ થી ભરાઈ જાય છે, તેનું હૃદય, તન, મન, પૂર્ણતા અને સંતોષથી છવાઈ જાય છે, ભક્તિના સેવથી ભક્તનું હૃદય આકાશ જેવું વિશાળ ને સ્ફટિક જેવું પારદર્શક બની જાય છે, અને હૃદયની સંકુચિતતા પાર્થિવ પદાર્થ માટેની તૃષ્ણાનો અંત આવી જાય છે, જેમ ભાગીરથીના પાવન જળથી સાઠ હજાર સગર પુત્રોનો ઉદ્ધાર થઈ ગયો તેમ માનવમાં સૂતેલી અનન્ત અધમ વૃત્તિઓનો ઉદ્ધાર ભક્તિરૂપી પાવન ભાગીરથીના સ્પર્શથી થઈ જાય છે, પરમાત્માનો પરમ પ્રેમ અને ભક્તિ એ તો એક કલ્પવૃક્ષ છે, જેની શીતળ પાવન છાયા નીચે બેસી માણસ તેની ત્રિવિધિના તાપ થકી શીતળતા પ્રાપ્ત કરી શકે છે, ભક્તિરૂપી પ્રેમના પારસ પથ્થરનો સ્પર્શ કરી કેટકેટલા લોહપુરુષો સુવર્ણ જેવા સુંદર, શુભ ને મૂલ્યવાન બની ગયા, ભક્તિમાર્ગના પ્રવાસી બની ઈશ્વર કૃપા ઝંખનાર ભક્ત માટે ભક્તિનું સાચું રહસ્ય સમજવું જરૂરી છે.

या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतः सा मे हृदयान्माडपसर्पतु ॥

આસક્તિને જ્યારે ઈશ્વર તરફ વાળવામાં આવે છે ત્યારે તે ભક્તિ કહેવાય. દેહ, સ્ત્રી, પુત્ર, ધન, નામ માટે કેટલી આસક્તિ છે. તે સયોંગ થતા સુખ માણે છે, ને તેથી વિયોગ થતાં દુઃખનો અનુભવ કરે છે, મહાભારતમાં વેદવ્યાસે લખ્યું છે, ''સંસારમાં માણસને હજારો માતા-પિતા, પત્નીઓ, પુત્રો સાથે સંબંધ થયો અને જન્મોજન્મ થતો રહેશે જેમ મહાસાગરમાં અચાનક મળેલાં બે લાકડાં મળે અને છૂટા પડી જાય તેમ સ્ત્રી-પુત્ર-સગાં-સંબંધીઓ પણ સંસાર સાગર મળી જાય અને છૂટાં પડે છે.'' માછલી જળ વગર અને શરીર તેના પ્રાણ તત્ત્વ વગર ટકતું નથી તેમ ઈશ્વર વિના જીવી શકાય નહિ. આસક્તિ અને અનુરાગ પરમેશ્વર પ્રત્યે થાય તો સર્વત્ર ભગવાનની હાજરી વરતાય એ જ ભક્તિમાર્ગ બની રહે છે, આ આંખથી ભગવાને સર્જેલું સૌન્દર્ય તો દેખી શકીએ છીએ પણ તેમાં ક્યાંય સર્જનહાર દેખાય છે, ઈશ્વર પ્રત્યેનો ભારોભાર અનુરાગ એ જ ભક્તિ છે. ગોપીઓએ ઉદ્ધવજીને કહ્યું, અમને તો શ્રીકૃષ્ણની ગેરહાજરીમાં પણ શ્રીકૃષ્ણની હાજરીના નિત્ય દર્શન થાય છે, ગોપીઓનો કૃષ્ણાનુરાગ દેખી જ્ઞાની ઉદ્ધવજી નિરુત્તર બની ગયા, જે સમજાવવા ગયા હતા તે સાચું ભક્તિનું રહસ્ય સમજી કૃષ્ણમય બની મથુરા પાછા ફર્યા હતા, આવો અનુરાગ પરમેશ્વર પ્રત્યે હોય તો તે હાજરા હજુર છે, આપણે શું કરવું છે એ આપણો અંતરાત્મા સદાય કહેતો જ હોય છે, પણ ક્યારે એવો સમય આવશે આપને એની વાત માનીશું ?

અહિં મહારાજ પ્રત્યે મોટીબા અને લાડુબાની આસક્તિ અને અનુરાગ તે મમત્વનો છે, જ્યાં અનુરાગનું ઉપસ્થાન મહારાજ હોય, ત્યાં આવા પ્રસંગ નિત્ય બને છે, આવો અનુરાગ પરમેશ્વરને પણ પ્રસન્નોચિત્ત કરી દે છે.

મહારાજ કાયમ મોટીબા તથા લાડુબાને ત્યાં થાળ જમતા. તેમાં ક્યારેક મોટીબાને ઘરે વધુ જમાય ત્યારે લાડુબા કચવાવા માંડે અને લાડુબાને ત્યાં ક્યારેક વધુ જમાય ત્યારે મોટીબા કચવાય, એમ અરસ-પરસ તાણ-ખેંચ થવા મંડી, તે જોઈને મહારાજે કહ્યું જે, ''હવેથી પંદર પંદર દિવસ જમાડવાનો વારો કરો એટલે કોઈને તાણ-ખેંચ થાય નહિ, પછી મહારાજને પંદર પંદર દિવસ એક એક ઘરે જમાડવા લાગ્યા, પણ એક મહિનામાં તિથિ વધે તથા ઘટે તેની પણ તાણ-ખેંચ થવા લાગી, એટલે ફરીથી મહારાજે કહ્યું, ''ત્યારે પંદર દિવસનું રહેવા દ્યો, અને આજથી દસ દસ દિવસ ગણીને જમાડવાનો ઠરાવ કરો. એટલે કોઈને તાણ-ખેંચ રહે નહિ'' આ રીતે ઘણા દિવસ ચાલ્યું.

પછી એક સમે મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ વચલે થાંભલે ચાકળો નાંખીને બિરાજમાન હતા. તે વખતે લાડુબાનો જમાડવાનો વારો ચાલતો હતો, તેમાં મોટીબાનાં સેવક દૂધ તેમાં સાકર તથા જાયફળ આદિ મસાલો નાંખી રૂપાની તાંસળીમાં લાવ્યા, એટલે મહારાજે તાંસળી હાથમાં લઈને દુધપાન કર્યું, તે દૂધનો ધોળો દોરો ઉપલા હોઠે પડી રહ્યો, તે દોરો લાડુબાનાં સેવકે ભાળ્યો અને તે વાત લાડુબાને કરી જે, ''આપણા જમાડવાના વારામાં મોટીબાનાં સેવકે આજ મહારાજને દૂધ પાયું અને કોણ જાણે કેટલા દિવસથી આપણા વારામાં દૂધ પાઈ જતા હશે ? માટે આપણે ત્યાં મહારાજ સારી પેઠે જમી શકતા નથી.'' એટલે લાડુબાએ પોતાના સેવકને કહ્યું જે, ''જાને તારામાં દૈવત ક્યાં છે ? તેના જટિયાં ઝાલીને તોડી નાખને ! '' એટલે લાડુબાનો સેવક ગાળો ભાંડતા ભાંડતા બારણે ઓસરીમાં આવ્યો અને મોટીબાનો સેવક પણ સામે ગાળો ભાંડતા ભાંડતા ઓસરીમાં આવ્યો, તે સામસામાં બાઝયાં ને બહુ ખેંચ તાણ થઈ, મહારાજ તો મુખારવિંદ આડો રૂમાલ દઈને હસવા મંડ્યા, ત્યાં લાડુબા આકળા થઈને આવ્યા ને મોટીબાને ઠપકો દેવા લાગ્યા, ને કહ્યું જે, ''અમારા વારામાં તમે જમાડી જાઓ કે દૂધ પાઈ જાઓ એટલે કજીયો થાય કે નહિ ?'' આ રીતે લાડુબા મોટીબા ઉપર બહુ કચવાણા એટલે મોટીબાએ કહ્યું જે, ''હવે દૂધ નહિ પાઈએ.'' મોટીબાનો અને લાડુબાનો આવો અનુરાગ દેખી મહારાજ પ્રસન્ન થયા.

આપણા હૃદયમાં રહેલો અનુરાગ જ્યાં ત્યાં ઢોળ્યા વગર સીધો મહારાજ ઉપર અભિષેક કરીએ તો તે અનુરાગ ભક્તિ બની જશે, આવી ભક્તિ મુક્તિ માટે સૌથી વધારે અસરકારક સાધન બની રહેશે.

# ગુરુ વિના કલ્યાણ અશક્ય

-જયંતિલાલ કે. સોની - મેમનગર, અમદાવાદ

જો ગુરુ વિના કલ્યાણ અધુરું રહેતું હોય તો, મુમુક્ષોને એ પ્રશ્ન જરૂર ઉદ્‌ભવશે કે સાચા ગુરુની શોધ ક્યાં કરવી ? અને જો આપણી બુદ્ધિની કસોટીએ જેને સાચા ગુરુ માની લીધા પછી પણ જો વાસ્તવમાં શિષ્યનું કલ્યાણ કરી શકે તેમ ન હોય તો શું થાય ? માટે જ આપણાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનંતકોટી બ્રહ્માંડનાં અધિપતિએ પોતાના આશ્રિતજનો ઉપર કેવળ કૃપા કરીને આપણા કલ્યાણમાં કોઈ કસર ન રહી જાય, તેમજ અન્યત્ર ગમે તેવા ગુરુમાં ફસાઈ ન જાય તેની સાવચેતીના ભાગરૂપે સ્વયં પોતેજ પોતાના કુળમાં ધર્મવંશી આચાર્યને ગુરુપરંપરાની રીત મુજબ ગુરુ તરીકે આપણને આપેલા છે. જો શ્રીજી મહારાજે પોતાના આશ્રિતજનોના ગુરુપદે ધર્મવંશી આચાર્યની સ્થાપના ન કરી હોત તો ? પોતાને મન ફાવે ગુરુ કરવાની છૂટ હોય તો આપણા ઈષ્ટદેવે આપણા કલ્યાણની લેખિતમાં જવાબદારી સ્વીકારી છે તેનાથી આપણે વંચિત રહિ જવાત. આમ નહિ કરતા મહારાજે પરમ કૃપા આશ્રિતજનો ઉપર વરસાવી અને તેમની શુદ્ધ ઉપાસનાની કાર્યની સિદ્ધિ અર્થે સત્સંગને ષડ્‌અંગી સંપ્રદાય બનાવ્યો છે. ષડ્‌અંગી એટલે છ અંગોવાળો પૂર્ણ સંપ્રદાય કહેવાય. તેમાં પ્રમાણિત કરેલી રીતે દેવોની પ્રતિષ્ઠા, પ્રમાણિત રીતે દેવમંદિરોની સ્થાપનાં, પોતાના ધર્મકુળમાં ધર્મવંશી આચાર્યો સર્વ સત્સંગી માત્રનાં ધણી, ગુરુ સંચાલક કરી સ્થાપ્યા, આચાર્યની આજ્ઞામાં દીક્ષા લઈ તેમને અનુસરી સત્સંગનું પોષણ કરનાર સ્ત્રી ધનના ત્યાગી એવા આચાર્ય દીક્ષિત સંતો, હરિભક્તો કે જેઓ ધર્મવંશી આચાર્ય થકી જ કંઠી ગુરુમંત્ર ધારણ કરાવી સંપ્રદાયની સઘળી રીત રસમોને અનુસરી મોક્ષમાર્ગને સરળ કર્યા... શાસ્ત્રો : શ્રીહરિએ પોતાની ઓળખ પોતાનો હૃદયગત અભિપ્રાય મુમુક્ષ આશ્રિતજનોને જણાવવા સ્વયં રચેલા શાસ્ત્રો તેમજ તેમની ઈચ્છાનુંસાર પોતાના અક્ષરધામનાં મુક્તો એવા નંદ સંતો દ્વારા શુદ્ધ ઉપાસના બોધ માટે શાસ્ત્રોની રચના કરી સંપ્રદાયને ભેટ આપી છે. આમ ષડઅંગી સત્સંગ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રસ્થાપિત કરેલ છે, હવે જો આમા એકાદ અંગની ત્રુટી રહી જાય તો તેને ખંડિત સત્સંગ કહેવાય. જેનાથી આત્યંતિક કલ્યાણ સાધી ન શકાય. કારણ ખંડિત શાસ્ત્રો કે મૂર્તિ ગમે તેટલા સારા હોય તો પણ તે પૂજવા કે ઉપાસના કરવા લાયક હોતા નથી તેમનું તો સત્વરે વિસર્જન જ કરવું હિતાવહ છે. આમ ખંડિત કે વિકલાંગની ઉપાસનાથી સિદ્ધિ ન થઈ શકે. આ વાતો જીવનાં હૃદયમાં સદાયને માટે સંગ્રહી રાખજો. નહિ તો કલ્યાણ એક બાજુ રહી જશે અને અધોગતિની પ્રાપ્તિ થશે. આ ષડઅંગી સંપ્રદાયમાં મહત્વના અને સરળ રીતે મોક્ષ પ્રદાન કરાવવા આ સત્સંગના ધણી ગુરુ તરીકે ધર્મવંશી આચાર્ય મહારાજનું સર્વોચ્ચ સ્થાન સ્વયં શ્રીજી મહારાજે પ્રસ્થાપિત કર્યું છે. જેને પ્રમાણ કરતા સ્વયં શ્રીજી મહારાજ ગઢડાના પ્રથમ વચનામૃતમાં કહે છે કે ‘‘આ ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત દેહ મુકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે આ શું સૂચવે છે ? ધર્મવંશી આચાર્યના શરણ વગરની કરેલી બધી પૂજા ઉપાસનાં આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરાવતી નથી. શ્રીજી મહારાજને જીવના આત્યંતિક કલ્યાણ કરવાનો કેટલો વેગ છે. તે માટે તો આપણા આત્યંતિક કલ્યાણ નિર્વિઘ્ને કરવા આપણા ધર્મ નિયમોને સુરક્ષિતપણે શ્રીજી આજ્ઞાનુંસાર વર્તાવવા સારુ ધર્મવંશી આચાર્યનું સ્થાપન આપણા ઈષ્ટદેવે સ્વયં કરેલ છે.’’

અ.મુ.સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી પુરૂષોત્તમ પ્રકાશમાં ધર્મવંશી આચાર્યનો મહિમાં નીચે મુજબ વર્ણવેલ છે.

‘‘એમ મોટયપ આચારજની, ઘણી ઘણી કહી ઘનશ્યામ
એહ દ્વારે અનેકને, આપવું છે આજ નિજ ધામ
ધામ ધણીએ એમ ધાર્યું જન ઉધ્ધારવા છે અપાર
પાર પમાડવા પ્રાણીને, એહ કર્યા આપે ઉપકાર
આચારજથી અનેક જનનો, અવશ્ય સરશે અર્થ
એમ આપે આ સમે, વાવરી અતિ સામર્થ
ધર્મકુળને જે અનુસરે, ત્યાગી, ગૃહી નર કોઈ નાર
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર
સહુના ગુરુ કરી સોંપી ગાદી રે, રીત રાખશે એ રાયજાદી રે,
ધર્મવંશી ધર્મ સ્થાપશે રે, સારો ઉપદેશ સહુને આપશે રે,
એતો કર્યુ છે કલ્યાણ સારુ રે, એમા બહુ ગમતું છે અમારૂ રે
કાંજે કરવું છે બહુંનું કારજ રે, નથી રાખવો ફેર એક રજ રે
એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે
એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે’ વરાવો વારેવારે રે
મનકર્મ વચને માનજો, એમા નથી સંશય લગાર
એહ દ્વારે મારે અનકેનો, આજ કરવો છે ઉધ્ધાર
માટે સૌ રેજો એને વચને રે, ત્યાગી ગ્રહી સહુ એક મને રે
રેજો ધર્મવંશીને ગમતેરે, વર્તશોમાં કોઈ મન મતરે
એની માન્યજો સહુ આગન્યારે, વર્તશોમાં કોઈ વચન વિના રે
એને રાજી રાખશો જો તમે રે, તો તમપર રાજી છીએ અમે રે
એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારુ કર્યું છે નિદાન રે
પછી સહું આચારજ સેવ્યા રે, તે તો મોટા સુખને લેવા રે

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મકુળના આશ્રય ઉપર જ

ભાર મુક્યો છે. ધર્મવંશી આચાર્યના આશ્રય વિના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ચિન્હો જેવાકે તિલક-ચાંદલો કરવાનો કે ગળામાં કંઠી પહેરવાનો અધિકાર નથી. સ્વયં આપણા ઈષ્ટદેવના શબ્દોમાં જાણીએ.

कृष्णदीक्षा गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्या नित्यं योर्ध्वपुण्ड्र ललाटोदौ द्विजातिभी ॥

આમ ધર્વવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે વર્ણનાં અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ હૃદય અને બે હાથે એ ચારે ઠેકાણે ઉર્ધ્વપૂંડ્ર તિલક કરવું (શિ.શ્લો-૪૧)

ધર્મવંશી આચાર્ય પાસેથી દીક્ષા ગ્રહણ કર્યા વિનાં ભગવાનની પૂજારૂપ ભક્તિનો અધિકાર પ્રાપ્ત થતો નથી. જ્યારે પૂજારૂપ ભક્તિનો અધિકારી નથી તેઓ ઉપરોક્ત સંપ્રદાયના ચિન્હો કેવી રીતે ધારી શકે ?

અરે પદ્મપુરાણમાં પણ સતી દેવીને શંકર કહે છે ''હે સુંદરી ? દીક્ષા વગરનાનું કરેલું સર્વે નિરર્થક છે. દીક્ષા વિનાનો મનુષ્ય મરીને પશુયોનીને પામે છે. આમ પશુને કોઈપણ સંપ્રદાયના ચિન્હો ધારણ કરવાનો અધિકાર નથી.

ધર્મવંશી આચાર્યપદની સ્થાપના આપણા ધર્મના રક્ષણ માટે સ્વયં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિએ કરેલી છે. જેની આજ્ઞા સુસ્પષ્ટપણે શિક્ષાપત્રીમાં લેખિત કરીને આપણને બક્ષેલ છે, જેનો ક્યારેય અનાદર ન કરાય, કારણ તે શ્રીજીમહારાજની વાણી તે તેમનું સ્વરૂપ છે માટે જ આપણા ઈષ્ટદેવની જીભ ઉપર ક્યારેય પગ ન દેવાય નહિ તો નરક યોની નિશ્ચિત છે.

આ સંપ્રદાયના તમામે તમામ આશ્રિતો ત્યાગી ગૃહી, બાઈ-ભાઈ વિગેરેની ધર્મની રક્ષા કરવાને અર્થે સ્વયં શ્રીજી મહારાજે બંને દેશની ગાદી એટલે અમદાવાદ-વડતાલમાં અનુક્રમે શ્રી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને ગુરુ તરીકે વંશપરંપરામાં પ્રસ્થાપિત કર્યા છે. તે આપણાં આત્યંતિક કલ્યાણનાં કોલ સમાન છે ધર્મવંશી આચાર્યને જેણે સ્વીકાર્યા છે ને જેની નિશ્રામાં રહી આજ્ઞાનુંસાર ભજન ભક્તિ કરે છે તેઓને સ્વયં ભગવાને વચન આપેલું છે કે

''મારા જનને અંતકાળે જરૂર મારે આવવું
બિરૂદ મારુ બદલે નહિ સર્વે જનને જણાવવું''

આટલું જ નહિ બલ્કે કોઈપણ ધર્મના કે દેશના બંધારણમાં તુલના ન થઈ શકે તેવો અજોડ બંધારણ લેખ એટલે દેશ વિભાગનો લેખ કરી પોતાના ત્યાગી, ગૃહી સમસ્ત આશ્રિતોને અતિસારરૂપ હિતકારી ઉપદેશ આપતા કહે છે.

''ને અમે તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા તે કોઈ કાળે દરદાવો કરશે નહિ કે કરાવશે નહીં. શિક્ષાપત્રી પ્રમાણે પોતપોતાનાં ધર્મમાં રહી તમારી સેવા કરશે.''

આમ ધર્મવંશના બન્ને દેશના આચાર્ય વિના અન્ય કોઈ મનુષ્ય, શાસ્ત્રે કરીને, જોગે તથા તપે તથા વૈરાગ્યદિક ગુણે કરીને વિશેષ હોય ને તેથી શ્રીધર્મવંશના બે આચાર્યશ્રીને ન્યુનપણે જાણ્યામાં આવે તો પણ સાધુ, બ્રહ્મચારી તથા પાળા સમસ્ત સત્સંગીને અમારી એમ આજ્ઞા છે જે ''તમારા જીવનાં કલ્યાણને અર્થે ધર્મવંશના બન્ને દેશના આચાર્યોને સદાકાળ નિરંતર માનજો, પૂજજો તથા મન કર્મ વચને આજ્ઞામાં રહેજો ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આલોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થાશે નહિ ને અતિ કષ્ટને પામશે. આમ આચાર્ય ગુરુપરંપરા એ ભગવાન શ્રી સ્વામિનારાયણની દેણ છે. જે આપણા કલ્યાણનો લેખિત કોલ છે. **આ વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવા જે ગયા એ પોતાના પાપે જ જમપુરીમાં ગયા સમજજો. ભગવાનનાં બંધારણને તોડવુ તે નીચમાં નીચ કક્ષાનું પાપ છે.''**

સંપ્રદાયના સમગ્ર સ્ત્રી વર્ગના કલ્યાણની પણ વ્યવસ્થા આપણા ઈષ્ટદેવે કરેલ છે. જે, શિ. શ્લોક-૧૩૩ મુજબ '' શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રી ભક્તોના ગુરુ સ્ત્રી ભક્ત જ છે. કોઈ પુરુષ નથી. માટે જ ધર્મવંશી આચાર્ય મહારાજ શ્રીનાં ધર્મપત્નિ સ્ત્રી ભક્તોના ગુરુ સ્થાને છે અને પોતાના પતિની આજ્ઞાથી સ્ત્રી ભક્તને મંત્ર ઉપદેશ કરી તેમનું કલ્યાણ કરવા સમર્થ છે અન્ય નહિ. આ સંસારના સઘળા બંધનોથી મુક્તિ પામવાને અર્થે સર્વ સ્ત્રી ભક્તોએ ગુરુપત્નિને જ ગુરુ કરવા પણ તે સિવાય બીજા કોઈ સ્ત્રી અથવા કોઈ પુરુષને ક્યારેય ગુરુ ન કરવા એવો આપણા ઈષ્ટદેવનો સ્પષ્ટ આદેશ છે.''

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં જોઈએ.

''અતિ આદર્યુ કામઅતોલ, પરલોક પામવા,
ત્યારે ખરી કરી જોઈએ ખોળય, વિઘનને વામવા,
વણ સમજે સાર-અસાર, પાર કહો કોણ થયા.
કરી નિષ્કુળાનંદ વિચાર સંત અસંત કહ્યા (ચોસઠપદી)

સ્વામીશ્રીના કહેવા મુજબ આધ્યાત્મિક શિખરો સર કરવા હોય તો ઈષ્ટદેવ સિવાય કોઈનું ખોટું આંધળું અનુકરણ કરવું એ તમારા આત્માને હણી લેવા બરાબર છે. માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનના જ મૂળભૂત સિદ્ધાંતોને વળગીને આત્યંતિક મોક્ષ ખરો કરી લેવો એજ અભ્યર્થના.

*TOWNSHIP OF WEEHAWKEN*
*HUDSON COUNTY, NEW JERSEY*

# *PROCLAMATION*

***WHEREAS,*** The International Swaminarayan Satsang Organisation a national charitable organization that builds, looks after and advances the Nar Narayan Dev Satsang outside of India; and

***WHEREAS***, The Weehawken Temple, the first Shri Swaminarayan temple to be inaugurated in the United States; and

***WHEREAS,*** The Weehawken Temple has participated in 9/11 relief efforts through donations and participation in ceremonies; and

***WHEREAS,*** The Weehawken Temple is an integral part of our multicultural community; and

***WHEREAS***, This year marks the 25th Anniversary of the Weehawken Shri Swaminarayan temple; and

***WHEREAS,*** **It is the purpose of** The International Swaminarayan Satsang Organisation Its prime objective is "to advance the Sanatan Dharma, in accordance with the principles and teachings of the Swaminarayan Sampraday; and


***NOW THEREFORE,*** **I Richard F. Turner, Mayor of Weehawken on behalf of the Township Council, commend the members of this organization and extend our grateful appreciation for the fine example set by them in contributing to the building community spirit in our Township.**

**Richard F. Turner, Mayor**
**Township of Weehawken**
**DATED: June 2nd 2012**

**ન્યુજર્સી વિહોકનના મેયરે પ.પૂ. મોટા મહારાજશ્રીને**
**ન્યુજર્સી મંદિરના રજત જયંતી પાટોત્સવ પ્રસંગે ઉપરોક્ત સન્માનપત્ર અર્પણ કર્યું હતું.**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વસ્તુ પરિચય


॥श्रीः॥
लिखावितंस्वामीश्रीसहजानंदजीमहा
राजजतश्रीअमदावादमध्येसाधुसर्वज्ञा
नंदजीतथाभक्तरूपचंद नारायणवांच
जोबिजुंलषवाकारणएमछेजेश्रीडुंगरपर
थितमउपरहुंडीआवेतोतमोरुपैया२००
बसोसुधीनीतमोस्वीकारिदेजोनेपछेअत्र
जवाबलषजोतेतमेकेसोतोअमदावाद
तुरतमोकलसुंनेकेसोतोअत्रअयोध्याप्र
सादनेभरसुं संवत१८८६नापोषवदी११
लखितंशुकमुनिनानारायणवांचजो॥
बिजुंकेसरश्रीकारसुधुधजदेवसेवामां
कामआवेतेवुंचटकीदारसेर१मोक
लजोजरुरमोकलजोनेतेनारुपैयाजेट
लाथायतेलषिमोकलजोलषसोतेने
तुरतअपावसुं॥बिजुंकेसरकोइसर
कारदरबारमोटुंमाणसछेतेनेदेवासा
रुमगाव्युंछेतेजाणजो॥बिजुंनिर्वि
कारानंदस्वामितमोयाज्ञवल्कस्मृतिनो
आचाराध्यायमिताक्षराटीकायुक्तशुद्ध
मलेतोतपासकरावीनेजरुरमोकलजो
एनुंअमारेअवश्य ॥श्रीः॥ काममछेमाटेलष्युंछे

॥શ્રી॥

લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ જત શ્રી અમદાવાદ મધ્યે સાધુ સર્વગ્નાનંદજી તથા ભક્ત રૂપચંદ નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે શ્રી ડુંગરપુરથી તમ ઉપર હુંડી આવે તો તમો રૂપિયા ૨૦૦ બસો સુધીની તમો સ્વીકારી દેજોને અત્ર જવાબ લખજો. તે તમે કહેશો તો અમદાવાદ તુરત મોકલશું ને કહેશો તો અત્ર અયોધ્યાપ્રસાદને ભરશું સં. ૧૮૮૬ ના ષોષ વદા ૧૧ લિખિતં શુકમુનિના નારાયણ વાંચજો.

બીજું કેસર શ્રીકાર સુધુધજ દેવસેવામાં કામ આવે તેવું ચટકાદાર સેર ૧ મોકલજો. ને તેના રૂપિયા જેટલા થાય તે લખી મોકલજો. લખશો તેને તુરંત અપાવશું. બીજું કેસર કોઈ સરકાર દરબાર મોટું માણસ છે તેને દેવા સારુ મગાવ્યું છે તે જાણજો. બીજુ નિર્વિકારાનંદ સ્વામી તમો યાગ્નવલ્કય સ્મૃતિનો આચારાધ્યાય મિતાક્ષરા ટીકા યુક્ત શુધ્ધ મળે તો તપાસ કરાવીને જરૂર મોકલજો. એનું અમારે અવશ્ય કામ છે માટે લખ્યું છે.

ઉપરોક્ત પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ-૧ માં રાખવામાં આવેલ છે.

---

આ પત્ર શ્રીજી મહારાજે તેમના જમણા હાથ સમાન સ.ગુ. શ્રી શુકાનંદ મુનિ પાસે લખાવડાવેલો છે. શ્રીહરિના સ્વધામ ગમન પહેલાંના ગણતરીના મહિનાઓ પહેલાં જ લખાવડાવેલો પત્ર છે. સ.ગુ. સર્વજ્ઞાનંદ સ્વામિ અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરના આદિ મહંત હતા. ડુંગરપુરમાંથી મૂર્તિઓ વગેરે આવતું હતું તેના સંદર્ભે બસો રૂપિયાની હૂંડી સ્વીકારીને રૂપિયા આપવાની વિગત પત્રમાં છે. વળી શ્રીહરિ કેસર દેવસેવામાં કામ આવે તેવું મંગાવેલું અને યાજ્ઞવલ્કય ઋષિની મિતાક્ષરા ટીકા મંગાવેલી છે. તે બંને બાબતો શુદ્ધ મળે તેવો શ્રીહરિનો આગ્રહ જણાય છે. દેવને અર્થે - ધર્મને અર્થે જે કાંઈ ચીજવસ્તુનો ઉપયોગ થતો હોય તે અતિશય શુધ્ધ હોય તેનો આગ્રહ શ્રીહરિ રાખતા.

શ્રીહરિનો આ અસલ પ્રસાદીપત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૧ માં હરિભક્તોના દર્શનાર્થે રાખવામાં આવ્યો છે.

( પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ)

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જૂન-૨૦૧૨

| | |
|---|---|
| તા. ૧-૬-૧૨ | દિનેશભાઈ નાથાભાઈ પટેલ, રાજુભાઈ નાથાભાઈ પટેલ - ડાંગરવાવાળા |
| તા. ૧૬-૬-૧૨ | મનજીભાઈ શીવજીભાઈ હીરાણી - કચ્છ |
| તા. ૧૭-૬-૧૨ | શ્રી નરનારાયણદેવ યુગક મંડળ દ્વારા પગપાળા કલોલથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિમિત્તે હ. મુકેશભાઈ પટેલ, મૌલિક પટેલ, જનાર્દન પટેલ |
| તા. ૨૬-૬-૧૨ | પટેલ રતીભાઈ ખીમજીભાઈ (ટ્રસ્ટીશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુર) હ. કેતન તથા કપીસ |
| તા. ૨૭-૬-૧૨ | સ્વામિનારાયણ મંદિર - નિકોલ હ. મહિલા મંડળ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ જૂન-૧૨માં દાન-ભેટમાં આવેલ રકમ

| | |
|---|---|
| ૧,૩૮,૮૩૦-૪૦/- | ન્યુજર્સી અમેરિકા શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીની ચરણ ભેટ |
| ૧,૦૧,૦૦૦/- | પ્રેમજીભાઈ ભીમજીભાઈ પીંડોરીયા શ્રીમતિ કાંન્તાબેન પ્રેમજીભાઈ પીંડોરીયા - વેકરા (કચ્છ) |
| ૧,૦૦,૦૦૦/- | વનિષા કાંતિલાલ હાલાઈ લંડન - કેરા (કચ્છ) |
| ૧,૦૦,૦૦૦/- | અરવિંદભાઈ આર. દોંગા- બાપુનગર |
| ૨૦,૦૦૦/- | ધર્મપ્રસાદ મણીલાલ શુકલ અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | અરવિંદભાઈ આર. દોંગા- બાપુનગર |
| ૧૧,૦૦૦/- | પૂનમભાઈ મગનભાઈ-અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | સામુબેન લાલજી હરજીભાઈ રાબડીયા - સુખપુર |
| ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ |
| ૧૧,૦૦૦/- | ચાવડા માવજીભાઈ મોહનભાઈ -આંબલી હજૂરી પાર્ષદ વનરાજ ભગતની પ્રેરણાથી |
| ૧૦,૦૦૦/- | પુનમભાઈ એમ. પટેલ -અમદાવાદ |
| ૧૦,૦૦૦/- | હિરજી વેલજી આસાણી - રામપર-કચ્છ |
| ૫૧૦૦/- | પુરવ પટેલ-અમદાવાદ |
| ૫૧૦૦/- | પ્રવિણભાઈ ચતુરદાસ પટેલ -સોલા |
| ૫૦૦૧/- | કૈલાસબેન દશરથભાઈ અમીન - ગાંધીનગર |
| ૫૦૦૧/- | પટેલ બાબુભાઈ શંકરલાલ -ડીંગુચા |
| ૫૦૦૧/- | પટેલ ઘનશ્યામભાઈ રેવાભાઈ - દેલવાડા |
| ૫૦૦૧/- | ડો.કે.એન.પટેલ - મુંબઈ |
| ૫૦૦૦/- | પુનીલ જીતેન્દ્રકુમાર મોદી - અમદાવાદ |
| ૫૦૦૦/- | ઘનશ્યામએન્જી. ઈન્ડસ્ટ્રીઝ -બોપલ |
| ૫૦૦૦/- | હંસાબેન પ્રભુદાસ મહેતા હ.સુભાષભાઈ- મોરબી |
| ૫,૦૦૦/- | હર્ષદ કોલોની, શ્રી સ્વામિનારાયણ મંદિર |
| ૫,૦૦૦/- | કૌશિકભાઈ જોશી -અમદાવાદ |
| ૫,૦૦૦/- | પટેલ ધર્મિષ્ઠાબેન ભરતભાઈ- માણસા |
| ૩૫૦૦/- | અ.નિ. મંજુલાબેન કનુભાઈ પટેલ - અમદાવાદ બેસણામાં આવેલ રકમજમા કરાવેલ પેટે હ. કિરણભાઈ કે. પટેલ |

### શ્રી નરનારાયણદેવ ગાદીના વાલી (રાજસ્થાન)ના હરિભક્તોને ત્યાં મુંબઈમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી

રાજસ્થાનના વાલી અને આજુબાજુના ગામોના ઘણા હરિભક્તો ઘણા વરસોથી મુંબઈ શહેરમાં નોકરી-ધંધાર્થે સ્થાયી થયા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આજથી ત્રણ વર્ષ પહેલા શ્રી ધર્મકુળ આશ્રિત શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ (વાલી - હાલ મુંબઈ)ની સ્થાપના કરી હતી. જેને ત્રણ વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે ત્યાંના તમામ હરિભક્તોના આગ્રહભર્યા આમંત્રણને માન આપી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તા. ૨૨-૬-૧૨ના રોજ રાત્રે સંત મંડળ સાથે મુંબઈ પધાર્યા હતા અને તા.૨૩-૬-૧૨ સવારથી સાંજ સુધી ૨૫ જેટલા શ્રીહરિભક્તોને ઘેર પધરામણી કરીને આશીર્વાદ આપી રાજી કર્યા હતા. પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી મુંબઈમાં દર રવિવારે સત્સંગ સભાનું આયોજન થાય છે.

તા. ૨૪-૬-૧૨ના જાહેર સત્સંગ સભામાં પૂ. શા. પી.પી. સ્વામી (નારાયણ ઘાટ મંદિર મહંતશ્રી) શા.સ્વા. વિશ્વસ્વરૂપસ્વામી, જે. કે. સ્વામી અને શા. મુનિ સ્વામી અને શ્રી નરનારાયણદેવ ગાદીની જેવી નિષ્ઠા છે તેથી વિશેષ રાખવા અને સત્સંગની પ્રવૃત્તિ વિશેષ કરવા બળપ્રેર્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વાલીના સમસ્ત હરિભક્તોની નિયમ, નિશ્ચય અને નિષ્ઠાને બિરદાવી તેમના પર અતિ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીની હજુર સેવામાં પાર્ષદ વનરાજ ભગત જોડાયા હતા.

શ્રી ધર્મકુળ આશ્રિત શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ વાલી (હાલ મુંબઈ)

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આવવા માટે બસનો રૂટ નંબર ૬૮ કાળુપુર ટર્મિનસ - સારંગપુર - રાયપુર- એસ.ટી.- જમાલપુર - પાલડી - લો ગાર્ડન - પંચવટી - સી.જી.રોડ - લાલ બંગલા - વિજય ચાર રસ્તા - પલીયડનગર - નારણપુરા ગામ - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - પ્રગતિ નગર - કર્મચારી નગર - સતાધાર સોસાયટી - અને આજ રૂ ટ પર પરત કાળુપુર**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## કુસંપ વિનાશનું કારણ છે.

-શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એક મજાની સુંદર વાત શ્રીહરિએ ભક્તોને ઉપદેશેલી. વાત એમ હતી કે, વડનગર-વિસનગરથી ત્યાંના ભક્તોને દર્શન, કથા-ઉપદેશનો લાભ આપી મહારાજ દંઢાવ્ય દેશમાં જ કરજીસણ ગામે પધારેલા. કરજીસણ ગામના આગેવાનોની, હરિભક્તોની વિનંતી માની મહારાજ ત્યાં રોકાયા અને આશ્વાસન આપ્યું અમે જન્માષ્ટમીનો ઉત્સવ તમારે ત્યાં કરીશું. અને પછી આગળ જઈશું, બસ!

કરજીસણના ભક્તોએ કંકોત્રીઓ છપાવી-ગામોગામ મોકલી અને આજુબાજુના ગામોમાં વિચરણ કરતાં સંતો પણ ત્યાં પધાર્યા. અનેક લક્ષાવધિ હરિભક્તો પણ કરજીસણ પધાર્યા.

અષ્ટમીના દિવસે સવારથી સાંજ સુધી ભજન-ભક્તિ-કથા-વાર્તા પુરી થઈ પછી રાત્રે કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી થયો. લગભગ દોઢ-બે વાગ્યે બધા સૂતાં અને પાછા વહેલી સવારથી સંતો-ભક્તો ન્હાવા-ધોવા, પૂજા-પાઠ કરવા ઉઠીને તૈયારી કરવા લાગ્યા. બીજે દિવસે નોમના દિવસે બહાર ગામના ભક્તો વિદાય લેતાં હતાં. તે વખતે મહારાજે સ્વયં આ વાત ભક્તોને સંબોધીને કહી, હે ભક્તો ! સાંભળો ! જીવનમાં સુખી થવું હોય તો સંપ રાખજો. કુસંપ કરતા નહી. કુસંપથી મોટી મોટી મહાસત્તાઓ પણ ઉથલી પડી છે. દુનિયા પર રાજ કરનારા ખાલી હાથે ગયા છે. કંઈ લઈ ગયા નથી. માટે વેર-ઝેર કરી કુસંપ વધારશો નહિ. નાનો સરખો કુસંપ પણ કુટુંબને ખેદાન-મેદાન કરી શકે છે. અગ્નિનો નાનો તણખો મોટી ઈમારતોને બાળીને ભસ્મ કરી શકે છે. સાંભળો...

એક રાજા હતો. રાજાને મોટો ઉદ્યાન હતો. અને તેમાં અનેક ફૂલઝાડની સાથે ઘણા બધાં ફળના વૃક્ષો પણ હતા. આમ સામાન્ય દેખાતી આ વાતને આગળ વધારતા મહારાજ કહે છે, આખા રાજ્યમાં કોઈને ક્યાંય તકલીફ ન હતી. પણ આ બંનેમા કુસંપ હતો. વળી રાજાને ઘોડશાળ પણ હતી. એ ઘોડશાળમાં નોકરાણી કામ કરતી અને ઘોડશાળમાં એક ઘેટું પણ હતું. પણ કોણ જાણે કેમએ ઘેટું અને નોકરાણીને બનતું નહીં. ઘેટાંને જોતાં જ નોકરાણી ગોદો મારતી અને નોકરાણી પસાર થાય ત્યારે ઘેટું ઓચિંતુ માથું મારી દેતું.

આ બગીચામાં એક વખત ૪૦-૫૦ વાંદરાઓનું મોટું ટોળું આવ્યું. લીલી વનરાજી, ફળથી લચેલા વૃક્ષો જોઈ ટોળું ખુશખુશાલ થઈ ગયું. અને ફળો ખાવા માંડ્યું. નાચવા-કુદવા માંડ્યું. અને પાણી પણ પેટ ભરીભરીને પીધું. પછી આગેવાન વાંદરાએ હુકમ કર્યો - ચાલો, હવે બીજે જઈશું. ત્યારે બધાએ અનિચ્છા બતાવી અને કાયમ અહીંજ રહી જવા જણાવ્યું. આગેવાન વાંદરાએ કહ્યું અહિં ઘોડશાળમાં દાસીને ઘેટાં વચ્ચે કુસંપ છે માટે અહીં ન રોકાવાય. ભલે વાત નાની લાગે છે પણ ભવિષ્યે મોટુ સ્વરૂપ ધારણ થાય તો આપણે ભાગી પણ ન શકીએ એવી સ્થિતિમાં મુકાઈ જઈએ. માટે ચાલો જતા રહીએ. વૃદ્ધ વાનરની આ વાત કેટલાકે માની. એ બધા આ બગીચો છોડી ચાલી નિકળ્યા. અને કેટલાંક આ બગીચામાં રોકાઈ ગયા.

આ બાજુ નોકરાણી-ઘેટાંને અણબનાવ રોજનો થઈ ગયો હતો. ઠંડીની ઋતુ હતી. નોકરાણી માથે અગ્નિ લઈ ઘોડશાળમાં જતી હતી. પાછળથી ઘેટાંએ આવીને ભેટ મારી. નોકરાણી પડી ગઈ. માથા ઉપરનો અગ્નિ ઉછળીને ઘાસના ઢગલામાં પડ્યો. અને જોતજોતમાં આગ લાગીને આખી ઘોડશાળમાં ફેલાઈ ગઈ.

તાબડતોબ રાજાએ અશ્વવૈદ્યોને તેડાવ્યા. વૈદ્યોએ સલાહ આપી. તાત્કાલિક વાંદરાઓની ચરબી લગાડવામાં આવે તો ઘોડાં બચી જાય. અને જલ્દી સાજા થઈ જાય. તો કોઈ નોકરે કહ્યું કે રાજા સાહેબ ! હમણાં કેટલાંક સમયથી આપણા ઉદ્યાનમાં ઘણા વાંદરા આવ્યા છે. ફળો ખાય છે, કૂદાકૂદ કરે છે અને ફૂલઝાડને નુકશાન પહોંચાડે છે. રાજા સાહેબે હુકમ છોડ્યો. જાવ તાત્કાલિક વાંદરાઓને પકડી લાવો.

આ તો નોકરો... દોડ્યા... બંદુકના ઘોડા દબાવ્યા અને ફળ પાડે એમ ટપોટપ વાંદરાઓને મારવા માંડ્યા. એમાંથી થોડા ઘણા બચીને ભાગ્યા, બાકીના બધા વાંદરા મોતને ભેટ્યા.

આ બાજુ બચી ગયેલા વાંદરા બાજુમાં પોતાના વૃદ્ધ વાંદરાઓ જે ગામમાં રોકાયેલા ત્યાં આવી પહોંચ્યા ને આગેવાનોને અથ થી ઈતિ સુધીની બધીજ વાત કરી. તમારી સલાહ સાચી હતી. એક નાનો સરખો કુસંપ પણ મોટી હોનારત સર્જી શકે છે. પણ તે વખતે અમે ફળની વાડીની લાલચમાં તમારી વાત માની નહી. રાજાના નોકરોએ બધાને ગોળીથી વીંધી નાંખ્યા. એમાંથી અમે માંડ બચીને તમારી પાસે આવ્યા છીએ.

શ્રીજી મહારાજે સ્વમુખે કરજીસણમાં હરિભક્તોને આ વાત કહી છે. કુસંપ રાખશો નહી. સંપથી જીવજો. બધા ભક્તો મહારાજની આ વાત સાંભળી રાજી થયા અને કહ્યું, સારૂં મહારાજ ! સંપથી જીવીશું. શ્રીજી મહારાજે પણ તેમની આ વાત સાંભળી આશીર્વાદ આપ્યા, તમે સુખી થશો !!!

બાલમિત્રો ! સાંભળ્યું ને ? આપણે શું કરવાનું, સંપ કે કુસંપ ? નાનો સરખો કુસંપ કેવી સ્થિતિમાં મુકી દે છે ! માટે સાવધાન થઈ જશો. ઘરમાં નાની સરખી વાતને બેધ્યાન કરશો નહી. વાત વધે એ પહેલાં બધા મળી વાતનો ઉકેલ લાવી સંપથી જીવશો તો આપણી ઉપર પણ શ્રીજી મહારાજના આશીર્વાદ ઉતરશે...

## શુધ્ધાય નમઃ (જનમંગલ)

-સાધુ શ્રી રંગદાસ (ગાંધીનગર)

શુદ્ધઃ ભગવાનનું નામ છે શુદ્ધ. શુદ્ધ એટલે પવિત્ર. સ્વયં સદા શુદ્ધ સ્વરૂપ છે. નિર્દોષ સ્વરૂપ છે અને આશ્રય માત્રથી કોઈપણ જીવાત્મા ગમે તેવો અપવિત્ર હોય, પાપી હોય તેને પણ તરત જ શુદ્ધ બનાવી દેનારા.

अपवित्रो पवित्रोवा सर्वावस्थांगतोपिवा ।
यःस्मरेत् पुंडरीकांक्षं सबाह्याभ्यांतरः शुचिः ॥

અપવિત્ર હોય કે પવિત્ર, પણ ભગવાનનું સ્મરણ કરે તો એ જીવ પવિત્ર બને છે. સ્નાન કરવાથી શરીર શુદ્ધ થાય, પણ ભગવત્ સ્મરણ કરવાથી તનની સાથે મન શુદ્ધ થાય છે, આત્મા શુદ્ધ થાય છે. ભગવત્ સ્મરણ વિના સ્નાન કરે તો એવા સ્નાનથી શરીર પણ શુદ્ધ ન થાય.

એક સમયે શ્રીજી મહારાજ કાઠી પાર્ષદોને સાથે રાખી વિચરણ કરતા હતા ગામો ગામ મહારાજ પધારે સંતો સાથે કોઈ હતા નહીં. ફક્ત કાઠી પાર્ષદો જ સાથે હતા. તેમાં એક દિવસે બનાવ એવો બન્યો કે કોઈ સરોવરમાં પ્રભુ સ્નાન કરવા ગયા. પાર્ષદોને મહારાજે કહ્યું અમે પ્રથમ સ્નાન કરી સરોવરની ઉંડાઈ માપી લઈએ છીએ. ત્યારબાદ તમે બધા સ્નાન કરજો. સુરાબાપુએ કહ્યું, મહારાજ ઉંડાઈ માપવી હોય તો અમે છીએ ને ! પ્રભુ, કહે ના આજ નહીં.

શ્રીજી મહારાજ સ્નાન કરી સરોવરની બહાર પધાર્યા. પછી મહારાજે બધાને આજ્ઞા કરી, તેથી સૌ સરોવરમાં સ્નાન કરવા ગયા. ધૂબાકાને ધબાકા કરવા લાગ્યા. આનંદથી એક બીજા પર પાણી છાંટવા લાગ્યા. એક બીજાનાં હાથ પકડી ડૂબકીઓ મારવા લાગ્યા. કોણ કેટલી ઘડી પાણીમાં ડૂબી રહે તેવી રમત રમવા લાગ્યા.

શ્રીજી મહારાજ વૃક્ષ નીચે બેઠા બેઠા આ બધી ક્રિયા નિહાળી રહ્યા હતા. કાઠી પાર્ષદો બધા સ્નાન કરી સરોવરમાંથી બહાર આવ્યા. શ્રીજી મહારાજ હવે ખરી વાત રજૂ કરે છે. કાઠીઓ, તમે બધા ક્યાં ગયા'તા ? અરે મહારાજ સરોવરમાં સ્નાન કરવા. તમે સરોવરમાં સ્નાન કર્યું છે કે રક્તમાં ? કેમ પ્રભુ ! આવી વાત કરો છો ?

શ્રીજી મહારાજે કહ્યું, પ્રભુ સ્મરણ વિનાનું સ્નાન રક્તસ્નાન બરોબર જ છે. જાઓ ! ફરીથી સ્નાન કરી આવો. કાઠી પાર્ષદોએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય બોલતા બોલતા ફરી સ્નાન કર્યું. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ખરું સ્નાન હવે કર્યું.

માટે ! જો ભગવત્ સ્મરણ સિવાય સ્નાન કરે તો તેનું શરીર શુદ્ધ ગણાતું નથી. એટલા માટે સ્નાનના વિધિમાં કહ્યું છે કે, ભગવત્ સ્મરણ સાથે સ્નાન કરે તો તમામ તીર્થમાં સ્નાન કરવાનું ફળ મળે છે. પારસના સ્પર્શથી જેમ લોઢું સોનું બની જાય એમ શુદ્ધ સ્વરૂપ એવા ભગવાનના આશ્રયથી જીવ પવિત્ર બને છે, માટે પરમાત્માનું નામ છે શુદ્ધ.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"કળિયુગમાં ભક્તિ માર્ગ સૌથી સરળ છે."**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

પરમાત્માને પ્રાપ્ત કરવાના મુખ્યત્વે ત્રણ માર્ગ છે. (૧) જ્ઞાનમાર્ગ (૨) કર્મમાર્ગ (૩) ભક્તિમાર્ગ કળિયુગમાં જ્ઞાનમાર્ગથી જવું મુશ્કેલ છે. કેમ કે ? તેના માટે જીવનમાં અતિ તીવ્ર વૈરાગ્ય હોવો જોઈએ. તેમજ જીવનમાં પંચવિષયોનું પણ અતિ તુચ્છપણું જોઈએ. પરંતુ કળિયુગનો માનવી આ બધું કરી શકતો નથી. કેમ કે, આવું જીવન જીવવા માટે તેના જીવનમાં ઘણા બધા અવરોધો આવે છે. અને કર્મ માર્ગથી ભગવાનને પ્રાપ્ત કરવા માટે માણસે સારા કર્મ કરવા પડે છે. તપ, અનુષ્ઠાન, યજ્ઞ કર્મો વગેરે, પરંતુ કળિયુગનો માણસ વાસનાથી ઘેરાયેલો છે. માટે તેની પાસે આવા કાર્ય કરવાનો સમય નથી, અને કરે તો પણ આવા કાર્યો કરવા પાછળ માણસનો સ્વાર્થ જોડાયેલો હોય છે. જેમ કે કોઈને નામ કમાવાનો હેતુ હોય છે. તો કોઈને કોઈ પણ પ્રકારના સુખ પ્રાપ્ત કરવાનો હેતુ હોય છે. માટે આવા કાર્યો સત્ય હોય છે છતાં બંધનકારક હોય છે. માણસ નિષ્કામ ભાવથી આવા કાર્યો કરે તેવું ભાગ્યે જ જોવા મળે છે. માટે કર્મ-માર્ગ પણ અઘરો છે. જ્યારે ભક્તિમાર્ગમાં માણસ સાચા શ્રદ્ધાભાવથી શક્તિ પ્રમાણે નિત્ય સર્વસ્વ સમર્પિત કરીને થોડા સમય માટે પણ પ્રેમથી નિર્ભય થઈને નિષ્કામ ભાવે ભક્તિ કરે તો ભગવાન પોતે ભક્તની મદદ કરે છે. અને વાસનાઓ ધીમે-ધીમે સરળતાથી ટળી જાય છે. આમ ભગવાન સાથે રોજરોજ મુલાકાત થાય તો ભગવાનનો સ્પર્શ થઈ જાય તો જગતના જે ઝેર છે તે અમૃત બની જાય છે. જગતના કામો સરળ બની જાય છે. જગત વિસરાતું જાય છે. અને માણસ ભગવાનમાં જોડાતો જાય છે. મને કાંઈક પ્રાપ્ત થઈ ગયું છે. એવો આનંદ થાય છે. ભગવાનને ઓળખવા માટે ભગવાન જેવા થવું પડે છે. ભગવાન જેવા થાય તેજ ભગવાનને પકડી શકે છે. આમ ભગવાન સાથે સંબંધ બાંધવામાં આ જીવને ખૂબ મહેનત પડે છે. ખૂબ ભક્તિ કરવી પડે, ખૂબ સમય આપવો પડે, ત્યારે ભગવાન સાથે સંબંધ બંધાય છે. પછી સતત એ ધ્યાન રાખવાનું છે કે ભગવાન સાથેનો સંબંધ તૂટી ન જાય. સંબંધને જાળવી રાખવો પડે છે.

ભક્તિ પણ ત્રણ ભાગ પર આધારિત છે. (૧) અનન્યતા (૨) તન્મયતા (૩) વ્યાકુળતા. અનન્યતા એટલે તન, મનથી એકજ સ્વરૂપની ઉપાસના કરવામાં આવે તેને અનન્યતા કહેવામાં આવે છે. તન્મયતા એટલે ભગવાન સિવાય બીજુ કાંઈ જ નહિ, રાત્રિ-દિવસ જેને ભગવાન જ યાદ આવતા હોય તેને ભગવાનમાં તન્મયતા કહેવામાં આવે છે. અને વ્યાકુળતા એટલે અત્યાર સુધી ભગવાન કેમ નથી મળ્યા ? અને ક્યારે મળશે ? એવો ભાવ રહ્યા કરે તેને વ્યાકુળતા કહેવામાં આવે છે. એક સંત હતા. તેમના એક શિષ્ય હતા. શિષ્યે કહ્યું કે, મને ભગવાનના દર્શન કરાવો. તો સંત તેમને નદી કિનારે લઈ ગયા અને શિષ્યને કહ્યું ડૂબકી માર તો શિષ્યએ ડૂબકી મારી એટલે સંતે તેમનું માથું દબાવી દીધું. શિષ્ય બહાર નિકળવા માટે ખૂબ પ્રયત્ન કરે છે. પણ સંત તેમનુ માથું દબાવી રાખે છે. અને પછી સંત તેમનું માથું બહાર કાઢે છે. ત્યારે શિષ્ય પૂછે છે કે શું આપને મને મારી નાખવો હતો ? તો સંતે કહ્યું કે તમે અંદર હતા ત્યારે ભગવાનને કેટલા યાદ કર્યા, અને જીવવા માટે કેટલા પ્રયત્ન કર્યા. એટલી તાલાવેલી ભગવાન માટે રાખશો તો તમને ભગવાનના દર્શન થશે. આપણે તો ભગવાન પ્રત્યક્ષ હાજરા-હજુર છે. કળિયુગમાં મહારાજે પ્રગટ થઈને ગામમાં થઈને ધામનો રસ્તો કરી દીધો છે. અર્થાત્ પહેલાના સમયમાં ભગવાન પ્રાપ્ત કરવા હોય તો જંગલમાં જવું પડતુ હતું. આજે આપણે જંગલમાં જવું પડતું નથી. મહારાજે મંદિરોનું નિર્માણ કરીને સંતોનો વસવાટ પણ ગામમાં કરી દીધો છે. જેથી કળિયુગના માણસ ભક્તિમાર્ગથી સરળતાથી ભગવાનને પ્રાપ્ત કરી શકે, આત્માથી પરમાત્માનો વિયોગ છે. તેને સંસાર કહેવાય છે. સંસારની સામાન્ય વસ્તુ પદાર્થ છે તેને મેળવવું હોય તો પણ તમે તેનું નિત્ય ચોવીસ કલાક સ્મરણ કરો તો તે વસ્તુ મળતી નથી. તેના માટે મહેનત કરવી પડે છે. તો મહારાજ કેટલા દયાળુ છે, કે કળિયુગમાં માત્ર નામ-સ્મરણથી જ મળી જાય છે. પરંતુ તેના માટે હું પદમાંથી બહાર નીકળવું પડે છે. નમ્રતા નથી આવતી ત્યાં સુધી સાચું જ્ઞાન નથી મળતું.

પથ્થર હોય તેના પર તમે વર્ષો સુધી પાણી રેડશો તો પણ તે પીગળશે નહિ, અને માટીનું ઢેફું હોય તેના ઉપર તમે પાણી રેડશો તો તરત ઓગળી જશે. તો જેમ પથ્થર પર પાણી રેડવું વ્યર્થ છે તેમઅહંકાર સાથે માણસ ગમે તેટલી ભક્તિ કરે તે વ્યર્થ જાય છે. સાચી ભક્તિ માટે જીવનમાં સરળતા જોઈએ. એક ક્ષણ માટે પણ એવો અહંકાર આવી જાય કે હું કેવી સરસ ઉપાસના કરું છું તો પણ કરેલી ભક્તિ વ્યર્થ જાય છે. થોડો પણ અહંકાર રહે છે ત્યાં સુધી માણસને પૂર્ણ સમર્પણ થવા દેતો નથી. જીવાત્મા સંપૂર્ણ અહંકાર છોડીને પોતાની જાતને સમર્પણ કરી દે છે ત્યારે ભગવાન સામે ચાલીને રક્ષા કરે છે. પ્રેમ સહિત કરેલી ભક્તિથી ભગવાન વશ થઈ જાય છે.

### તુલસીજપ માળાનું મહત્ત્વ

(સાં. યોગી કોકિલાબા - સુરેન્દ્રનગર)

માળાને ભગવાનના નામ સ્મરણનો શ્રેષ્ઠ આધાર માનવામાં આવે છે. માળાની પ્રણાલિકા મુખ્યત્વે હિન્દુ ધર્મ ઉપરાંત અન્ય ઘણા બધા ધર્મોમાં જોવા મળે છે. બધાની પ્રકૃતિઓ અલગ-અલગ છે. હિન્દુ ધર્મ સિવાયની અન્ય ધર્મોમાં માળાની પ્રણાલિકા જોવા મળે છે. તેના મૂળમાં હિન્દુ ધર્મ જ છે.

રથના પૈડાની જેમ નાભિમાં આરાઓ સંયુક્ત મળેલા રહે છે. તેમ શરીરની અંતવાહિની નાડીઓ હૃદય સાથે સંયુક્ત છે. હૃદય એટલે પરમાત્માનું નિવાસસ્થાન. શ્રીહરિ હાથમાં માળા ફેરવે છે. કારણ જીવનને સ્વસ્થ બનાવવા માટે ત્રણ વસ્તુઓ છે. (૧) માળાને સ્થાન આપો. (૨) તાળાને સ્થાન આપો. (૩) શાળાને સ્થાન આપો. પરંતુ ચાળાને સ્થાન ન આપો. માણસ નવરો બેઠો હોય તો કાંકરા ઉલાળતો હોય કાંતો કોઈને પરેશાન કરતો હોય, કાંતો વ્યર્થ ચાળા કરતો હોય છે. માટે જીવનમાં માળાને સ્થાન આપો. એક દિવ્યસૂત્ર છે. જે "કરે જપ તો છૂટે લપ." આંતરિક દોષોની લપને દૂર કરવાનું શ્રેષ્ઠ અને સરળ સાધન જપ છે. નામ જપ કરવાથી ઘણો બધો લાભ પ્રાપ્ત થાય છે. જપ કરવાથી જન્મકુંડળીના ગ્રહો પણ સુધરે છે.

(૧) એક કરોડ જપ કરવાથી તન સુધરે છે. એટલે કે આરોગ્ય પ્રાપ્તિ થાય છે. (૨) બે કરોડ જપ કરવાથી દ્રવ્ય સુખ મળે. એટલે કે ધનની પ્રાપ્તિ થાય છે. (૩) ત્રણ કરોડ જપ કરવાથી પરાક્રમ સિદ્ધ થાય. એટલે કે યશ કીર્તિ મળે છે. (૪) ચાર કરોડ જપ કરવાથી સુખ પ્રાપ્તિ થાય છે. (૫) પાંચ કરોડ જપ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૬) છ કરોડ જપ કરવાથી આંતર શત્રુઓનો વિનાશ થાય છે. (૭) સાત કરોડ જપ કરવાથી સ્ત્રીને પતિ સુખ અને પુરૂષને પત્ની સુખ મળે છે. (૮) આઠ કરોડ જપ કરવાથી અપમૃત્યુ ટળે છે. (૯) નવ કરોડ જપ કરવાથી ઈષ્ટદેવની ઝાંખી થાય છે. (૧૦) દસ, અગીયાર અને બાર કરોડ જપ કરવાથી સંચિત, પ્રારબ્ધ અને ક્રિયામણ કર્મો બળે છે. (૧૧) તેર કરોડ જપ કરવાથી ભગવાનનું સાક્ષાત્ દર્શન થાય છે.

ભગવાનના નામનો આવો મહિમા છે. ભગવાન સહજાનંદ સ્વામી કલ્યાણના સરળ સાધનો દર્શાવતા લખે છે કે, "ભગવાનની ઉપાસના કરવી ને ભગવાનના ચરિત્ર ગાવા-સાંભળવા ને ભગવાનનું નામ સ્મરણ કરવું ને પોતપોતાના ધર્મમાં રહેવું. એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થવું તે કાંઈ કઠણ નથી એતો જેમ વહાણમાં બેસીને સમુદ્રને તરવો એવો સુગમ માર્ગ છે." (વચનામૃત ગઢડા મધ્ય-૩૫ માં કહ્યું છે.) વળી શ્રીજીમહારાજે આ ઘોર કળિયુગમાં સુગમ મોક્ષનું સાધન પોતાની દિવ્ય ચેષ્ટા દ્વારા આપણને કહ્યું છે જે "સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે, તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે...(૬)"

શ્રીહરિ પોતાના હસ્ત કમળમાં તુલસીની, માળા રાખી ફેરવે છે.

માળા અનેક પ્રકારની છે. તુલસીના કાષ્ઠની, સુખડની, આમળીના કાષ્ઠની, કમળ બીજની, સ્ફટીકની, રુદ્રાક્ષની, દર્ભની, લોહના પારાની, સર્વવિધ આ માળા મધ્યે તુલસીની માળા શ્રેષ્ઠ છે. ને કેવળ શાસ્ત્ર દૃષ્ટિ એ ઉત્તમને પવિત્ર છે. પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ તુલસીની માળા શ્રેષ્ઠ છે ને પ્રભાવશાળી છે. અંગુઠો અને વચલી આંગળીના ઘર્ષણથી જે વિદ્યુત ઉત્પન્ન થાય તે સાત્વિક, રાજસ અને તામસ માંથી જે પ્રકારે જરૂરિયાત હોય તે પ્રમાણે જુદી જુદી માળાઓની વ્યવસ્થા છે. જે કેવળ ભગવાનની પ્રસન્નતાને માટે કહેતા મુક્તિ માટે જપ કરવાની હોય તો સાત્વિક વિદ્યુત ઉત્પાદક તુલસી આદિક સાત્વિક દ્રવ્ય નિર્મિત માળા જોઈએ. તુલસી સમર્પણનું પ્રતિક છે. આ શરીર વગેરે સાધન સંપત્તિ પરમાત્માનું છે. તુલસીપત્ર ચઢાવતી વખતે કે તુલસીની માળા ફેરવતી વખતે આ ભાવ જાગવો જોઈએ જે આ શરીર મારૂં નથી. પરંતુ ભગવાનને અર્પણ થયેલું છે.

તુલસીના માધ્યમથી આપણે પરમાત્માના ચરણોમાં સમર્પિત થવું જોઈએ.

માળામાં ૧૦૮ મણકા હોય છે. પ્રત્યેક પળમાં મનુષ્ય સ્વભાવિક શ્વાસની સંખ્યા ૬ છે. આવી ૨ાા પળની એક મિનિટ થાય. આથી એક મિનિટમાં ૧૫ શ્વાસો લેવાય છે. આ હિસાબ અનુસાર ૨૪ કલાકમાં આપણા ૨૧,૬૦૦ શ્વાસો શાસ્ત્રમાં ગણાવેલા છે. ૧૦૮ મણકાની એક માળા એવી ૨૦૦ માળા ફેરવે ત્યારે શ્વાસોચ્છ્‌વાસ ભજન કર્યું કહેવાય. સ્મરણ કર્યું કહેવાય. સ્વભાવિકપણે શ્વાસે-શ્વાસે ભગવાનનું સ્મરણ-નામ લેવાની ઈચ્છા રહે. પરંતુ આટલી વિશાળ સંખ્યામાં જપનો અવકાશ ન રહે તે માટે જો વિધિવત્ ''ઉપાંશુ જપ'' કરવામાં આવે તો પ્રત્યેક મંત્રનું ૧૦૦ ગણું ફળ થાય એ શાસ્ત્રોક્ત વિધાન અનુસાર દિવસમાં ૧૦૮ મણકાની એક માળા ફેરવવાથી શ્વાસેશ્વાસે ભજન કર્યુ ગણાય એ ભાવનાથી માળાના મણકાની સંખ્યા ૧૦૮ રાખવામાં આવી છે. એમ મનુસ્મૃતિમાં કહ્યું છે.

બીજું વચલી આંગળીથી જપ કરવામાં આવે છે. જપમાં માળા ફેરવતી વખતે તર્જની આંગળીનો ઉપયોગ નથી કરાતો. કારણ કે ભગવાનનું મુખ્ય નિવાસસ્થાન હૃદય પ્રદેશમાં છે. આ પ્રમાણ અનુસાર હૃદયને પ્રભાવિત કરવાને માટે જાપ થાય છે. જે વચલી આંગળીથી ધમનીનો હૃદય પ્રદેશ સાથે સીધો સંબંધ એટલે જાપમાં વચલી આંગળીનો ઉપયોગ થાય છે. જમણા હાથની મધ્ય આંગળી પર, પહેલી આંગળીનો સ્પર્શ ન થાય તે રીતે માળાને રાખીને અંગૂઠા વડે માળા ફેરવવી, પ્રત્યેક મણકે ''સ્વામિનારાયણ'' મંત્રનો જાપ કરવો. એક માળા પૂર્ણ થાય એટલે ૧૦૮ વાર ''સ્વામિનારાયણ'' નામ લેવાય છે. માળા પૂર્ણ થયા પછી ''સુમેરૂ'' આવતા તે ઓળંગ્યા વિના માળાને ઉલટાવીને ફેરવવી. અયોગ્ય પદાર્થોનો કે સ્થાનોનો સ્પર્શ ન થઈ જાય એ હેતુથી જ માળાને ગૌમુખીમાં રાખવાનો રિવાજ છે. અગ્નિપુરાણમાં લખ્યું છે કે ગણ્યા વગરના મંત્રજાપ નિષ્ફળ થાય છે. અને તેને રાક્ષસો લઈ જાય છે.

નામ જપ એ ભક્તિ સંપ્રદાયનું આગવું અંગ છે. સામાન્ય વર્ગ ભક્તિ તરફ વળ્યો એટલે જપ ગણવાની સમસ્યા ઉભી થઈ. ઋષિઓએ એકત્ર થઈ જપના સાધનો શોધી કાઢ્યા. પ્રથમ તો છાણ, લાખ, સિંદુરનું મિશ્રણ કરી યજ્ઞપૂત એક પાત્ર તૈયાર કરી આપ્યું. તેમાં ધાન્ય ભરી કણ ગણતરીથી નિયત સંખ્યા બાંધી. જે કોઈ નામ જપ આદરે તે પહેલા ઋષિ આશ્રમથી આ કણપત્ર લઈ આવે. એકએક કણમંત્ર જપે ને એમ જપની ગણતરી કરવામાં આવતી.

સમય જતાં પરિવ્રજ્યા કરતા કરતા પણ નામ જપ થાય તેવું ઋષિઓએ શોધ્યું. જેમાં કર જપ માળા આંગળીઓના વેઢા દ્વારા ગણતરીની પદ્ધતિ સૌને આપી. તેમાં નિયમો પણ એવા મુક્યા કે આંગળી આંગળી વચ્ચે ખાલી જગ્યા ન હોવી જોઈએ. કણપાત્ર કરતા કરમાળા ઠીકાઠીક ઉપયોગી થઈ. પરંતુ સતત ભ્રમણશીલ યાત્રિકો માટે એ પણ મુશ્કેલ બન્યું ને પછી કાષ્ઠ માળા આવી. તેમાં પણ તુલસી સર્વોત્તમમાળા, સાત્વિક માળા, મુક્તિ માટે પ્રર્તતી. આમ શાસ્ત્ર દષ્ટિએ તુલસીમાળા શ્રેષ્ઠ છે. શ્રીહરિ આપણને મોક્ષ આપ્યા પહેલા મોક્ષનું સાધન આપી રહ્યા છે. જપ માળાના માધ્યમથી શ્રીહરિ કહે છે. તમે કોઈપણ સ્થિતિમાં હો, તેમાં મારૂં સ્મરણ કરજો. સમયે હું તમને યાદ કરીશ. માળા મોક્ષનું સાધને છે. સદૈવ સાધન કર્યા કરજો.

### પક્ષ

(સાં. યોગી કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા - મેડા)

શ્રીજી મહારાજ ગ.મપ્ર.૬૦ માં કહે છે કે જેવાં પોતાના સગાં-વહાલાં હોય અથવા મા-બાપ હોય તેનો પક્ષ રહે છે, તેવો ભગવાનના ભક્તોનો દૃઢ પક્ષ રાખવો. પણ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ ઘણું કઠીન કામ છે, પણ જો ભગવાનનો અને સંતો ભક્તોનો સંપૂર્ણ મહિમા સમજાય અને પક્ષ રાખવાથી અલભ્ય લાભ થાય છે, એવું જો સમજાય જાય તો કામ કઠીન લાગતું નથી. પણ પક્ષ રાખ્યાનો આનંદ આવે છે. હે ભક્તો ! શ્રીજી મહારાજ કહે છે કે જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે કે ''તેના બ્રહ્મહત્યાદિક જે પંચમહાપાપ તે સર્વે મટી જાય છે.'' અને દેહના અંતે શ્રીજી મહારાજ તેડવા આવે છે અને અક્ષરધામમાં મૂર્તિનું સુખ આપે છે. એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે. અને જે પુરુષ એમ જાણે જે, આપણ કાંક અવળુ સવળું બોલીએ તો આપણો માણસ અવગુણ લેશે. એવી રીતે પોતાની સારપ્ય રાખ્યા સારું ભગવાનનું કે ભગવાનના ભક્તનું કોઈક ઘસાતું બોલે તે તેને સાંભળી રહે તો તે સત્સંગી કહેવા તો હોય તો પણ તેને

વિમુખ જાણવો. આપણા શાસ્ત્રોમાં આવા શૂરવીર ભક્તોની ઘણી ગાથા લખાઈ છે.

સોરઠમાં ધારી નામના શહેરમાં જાદવજીભાઈ નામના એક દૃઢ ટેકધારી હરિભક્ત હતા. જાદવજીભાઈ જ્ઞાતિએ વણીક હતા અને મોટા વેપારી હતા. ધંધામા બે ભાગીદાર હતા. તેમાં ખોટ આવવા લાગી અને સરકારનું દેવું થઈ ગયું. મિલ્કત બધી વેચી નાખી તોપણ દેવું ભરપાઈ ન થયું તેથી બન્ને ભાગીદારોને જેલમાં પુર્યા, ગામમાં મહાજનને ખબર પડી એટલે તમામ વાણિયાઓ જેલમાં આવ્યા. તેની સાથે ગામના લોકો પણ આવ્યા. તેમાં એક હરિભક્ત પણ આવ્યા હતા. વણીકોએ કુસંગી વાણીયો ભાગીદાર હતો તેનો દંડ ભરીને તેને છોડાવી લીધો અને જાદવજી ભક્તને કહેવા લાગ્યા, તમે કંઠી તોડી નાખો અને સ્વામિનારાયણનો ધર્મ છોડી દો તો તમારો દંડ ભરીને તમોને છોડાવીએ. બોલો છે કબૂલ ? ત્યારે જાદવજીભક્ત કહે '' મારુ માથું કપાય તો પણ હું કંઠી ન તોડું અને હાથના મેલ સમાન તમારા રૂપિયા માટે સત્સંગ છોડું ? એ કદી નહિ બને. મારા ભગવાનને છોડાવવો હશે તો ગમે તે દ્વારા મને છોડાવશે અને નહિ છોડાવવો હોય તો હું જેલમાં રહીને તેમનું ભજન કરીશ, સમજ્યા ? જતા રહો અહીંથી, મારે તમારા રૂપિયાથી નથી છૂટવું.'' આવા કઠણ વચન સાંભળીને કુસંગી વણીકો જતા રહ્યા. પરંતુ એક હરિભક્તે આવા વાક્યો સાંભળ્યા. તેથી તુરંત તેના ઘરે જઈને તેના ભાઈને કહ્યું : ''ભાઈ આપણે ત્રણ ભાઈ હોત તો જમીનના તથા મિલ્કતના ત્રણ ભાગ પાડવા પડતને ? મોટાભાઈએ કહ્યું, હા, જરૂર જરૂર પાડવા પડત. ત્યારે નાનાએ જાદવજી ભક્તની તમામ વાત કરી અને તેઓનો દંડ ભરીને છોડાવવાનું કહ્યું. વાત સાંભળતા વેંત તેઓના મોટાભાઈ બોલ્યા : ''હે ભાઈલા ! આપણા સાચા ભાઈઓ તો હરિભક્તો જ છે ! માટે ચાલ, ગમે તેટલો દંડ ભરવો પડે અને જમીન પણ વેચવી પડે તો પણ જાદવજી ભક્તને છોડાવીએ.'' તુરંત બન્ને ભાઈઓએ જઈને જાદવજી ભક્તનો દંડ ભરીને તેઓને છોડાવ્યા અને ફરીને વેપાર કરવા માટે રૂપિયા આપ્યા. આ વાતની મહારાજને ગઢપુરમાં ખબર પડી એટલે બહુ રાજી થયા. પછી સમૈયામાં આ બન્ને ભાઈઓ ગઢપુર આવ્યા ત્યારે તેમની ઉપર શ્રીજી મહારાજ ઘણું રાજી થયાને મસ્તક ઉપર પોતાના બે હાથ મૂક્યાને હાર પહેરાવ્યા ને અંતકાળે પોતાના અક્ષરધામમાં તેડી ગયા.

એક વખત મહામુક્ત મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજ પાસે જેતલપુર જવા ચાલ્યા જતા હતા. તેટલામાં રસ્તામાં કારેલી નામનું ગામ આવ્યું. તેમાં ખરાબદાસ બાવો રહેતો હતો તે સ્વામીઓને આવતા જોઈને પોતાના ચેલાએ સહિત ઊઠીને બન્ને સ્વામીને પકડીને પોતાના અખાડામાં લાવ્યા ને બારણાં બંધ કરીને દાંત કચડતો જાયને ગાળો દેતો જાય ને કહે કે તમારાં નાક-કાન કાપી લઉં છું. એમ બોલતો જાય ને છરી ઘસતો જાય. તેથી બ્રહ્માનંદ સ્વામી ડરીને મુક્તાનંદ સ્વામી પાસે બોલ્યા કે નાક કાપશે તો લોકમાં આપણી આબરૂ જાશે ને મુખ કાળું થાશે. એમ બોલીને શોક કરતાં કહ્યું કે આપણે અહીં ક્યાં આવી ચડ્યા ? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે આપણે એકે વર્તમાન લોપ્યું નથી. શ્રીજી મહારાજ માટે નાક કપાશે તો તેમાં આપણી લાજ જાશે નહિ. એમ ધીરજ આપે છે તેટલામાં તે ગામનો જત રાઘવજી નામનો પહેલવાન આવ્યોને સ્વામીને કહે કે કેમ અહીં બેઠા છો ? ત્યારે બાવો બોલ્યો કે તમો ચાલ્યા જાઓ, ત્યારે જતે બાવાને છાતીમાં લાત મારીને બન્ને સ્વામીઓને ત્યાંથી છોડાવીને લઈ ગયોને બન્ને સ્વામીને તે ગામથી વળાવ્યા. પછી સ્વામીની આજ્ઞાથી પાછો વળ્યો. જત બોલ્યો જે હે સ્વામી તમારી જેમ મેં બાવા થકી રક્ષા કરી તેમ તમો મારી અંતકાળે રક્ષા કરજો. એમ કહીને ચાલતો થયો. પછી બંને સંતો જેતલપુર આવ્યા. પછી શ્રીજી મહારાજને પોતાની જતે રક્ષા કરી તે વાત કરીને જતે જે કહ્યું હતું તે પણ કહ્યું. ત્યારે આ વખતે અઢળક ઢળેલા પરમદયાળુ શ્રીજીમહારાજ બોલ્યા જે જતનું કલ્યાણ મુક્તાનંદ સ્વામીના જેવું કરીશ. અને અંતકાળે સંતનો પક્ષ રાખનાર જતને પોતાના અક્ષરધામમાં લઈ ગયા. હે ભક્તો ! આપણા સંપ્રદાયમાં આવા ઘણા ભક્તો થઈ ગયા છે જેમણે શિર સાટે પક્ષ રાખ્યો છે. તેવા ભક્તોના ગુણ આપણામાં આવે એવી શ્રી નરનારાયણદેવના તથા આપણા લાડીલા ગુરુજી પ.પૂ. ગાદીવાળાશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ.

## પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

**પ્ર. : ૧** ભગવાનનો ભક્ત થાય તેના ઈકોતેર પરિયા ઊગરે છે તેમાં ભગવાનના દ્વેષી હોય તે કેવી રીતે ઊગરે છે ?

**પ્ર. : ૨** અચળ નિશ્ચય હોય તે કેમ ઓળખાય ?

**પ્ર. : ૩** ભગવાનને સંત કેમ વર્તે તો રાજી થાય ? આ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?

**પ્ર. : ૪** શ્રી કૃષ્ણની બંસરીના સ્વરો શ્રવણે પડતા વ્રજની ગોપીઓ શાન-ભાન ખોઈ બેસે છે. શ્રી કૃષ્ણની આ અદ્ભુત સંગીત કળાથી ગોપીઓની વિરહ વ્યથા વધી જાય છે. કૃષ્ણ મિલનનો દિવ્ય તલસાટ અનુભવે છે. લાખ કામ પડતા મુકી યમુના તટે કે વૃન્દાવન તરફ બાવરી બની દોડી જાય છે. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી કૃષ્ણના બંસરી વાદનથી ગોપીઓને થતી વિરહ વ્યથા કયા કીર્તનરૂપે રજૂ કરી છે ?

**પ્ર. : ૫** કૃપાળુ શ્રીહરિ કરજીસણમાં બિરાજમાન હતા. ત્યાં ડાંગરવાથી જતનબા એમના બાપુજી વેણીદાસભાઈ કરજીસણ શ્રીજી મહારાજને કહે છે, અમારા ઘેર પધારો ડાંગરવા. પછી શ્રીજી મહારાજે હસતાં હસતાં જતનબાને શું કહ્યું ?

**પ્ર. : ૬** કઈ વાત છાની રાખવી ? તે શિક્ષાપત્રીમાં કયાં શ્લોકમાં છે ?

**પ્ર. : ૭** જીવ જો સાચા થઈને ભજન કરવા માંડે તો ભગવાન જરૂર સહાય કરે - આ ઉક્તિ વાક્ય કોણ બોલ્યું છે ?

### જૂન-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** શ્રુતિ અને સ્મૃતિ તેણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો - શ્લોક ૧૦૩ **(૨)** ગ.પ્ર.પ્ર. ૬૧ **(૩)** પ્રકરણ-૨, અધ્યાય ૭, શ્લોક-૧૦૮ **(૪)** (૧) દેશ (૨) કાળ (૩) ક્રિયા (૪) સંગ (૫) મંત્ર (૬) શાસ્ત્ર (૭) દીક્ષા (૮) દેવતાનું ધ્યાન **(૫)** ડોસાભાઈ વાણીયા **(૬)** સ્વયં શ્રીજી મહારાજે **(૭)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી

૧. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨. સાં. કોકિલાબા - ઉષાબા (સુરેન્દ્રનગર)
૩. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪. પટેલ પ્રયાગકુમાર માધવલાલ (મારૂસણા)
૫. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૬. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૭. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૮. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૯. પટેલ મેઘાબેન કમલેશભાઈ (કુહા)
૧૦. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૧૧. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૧૨. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૩. ભાવસાર કપીલાબેન નટવરભાઈ (લાંઘણજ)
૧૪. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ (વિસનગર)
૧૫. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૧૬. પટેલ મંજુલાબેન નટવરભાઈ (રાણીપ)
૧૭. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૧૮. પટેલ નિરવ-દિવ્યેશ (લુણાવાડા)
૧૯. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)
૨૦. ભાવસાર વીણાબેન રતીલાલ (અમદાવાદ)
૨૧. સાં. કંચનબા, હિરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૨. સાં. શિતલબા - શિલ્પાબા (હવેલી)
૨૩. ઠક્કર આશાબેન (અમદાવાદ
૨૪. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (અમદાવાદ)
૨૫. સાં. મંજુબા - ભારતીબા (હવેલી)
૨૬. અમીબેન (અમદાવાદ)
૨૭. પટેલ જયંતીભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૮. ઘર સભા બહેનો
૨૯. પટેલ કચરાભાઈ સોમદાસ (અમદાવાદ)
૩૦. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૩૧. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૩૨. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૩૩. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૩૪. પટેલ જાનવી હિતેષભાઈ (લુણાવાડા)
૩૫. પટેલ દિપીકાબેન એચ. (લુણાવાડા)
૩૬. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૩૭. પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૩૮. પાર્ષદ સુમિત ભગત ગુરુ મંહત સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા)
૩૯. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૪૦. સાધુ ચંદ્રપ્રકાશદાસ (માણસા)
૪૧. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (અમદાવાદ)
૪૨. પટેલ પ્રવિણભાઈ ભેમદાસ (વડુવાળા-ન્યુજર્સી)
૪૩. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (બાલવા)
૪૪. ચૌધરી જોઈતાભાઈ મોતીભાઈ (બાલવા)
૪૫. અડાલજા તૃપ્તિબેન - કંચનબેન (રતનપર)
૪૬. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૭. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૮. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી-કલોલ)
૪૯. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૫૦. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૫૧. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (કલોલ)
૫૨. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૫૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (જુનું-મોરબી)
૫૪. સાં. રંજનબા - નાનીબેન (ઓઢવ)
૫૫. સાં. ચંદ્રિકાબેન ગુરુ કોકિલાબેન (લીંબડી)
૫૬. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૫૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૫૮. પટેલ બાલભાઈ એમ. (ગાંધીનગર)
૫૯. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધુંટું-મોરબી)
૬૦. સોની વર્ષાબેન અરવિંદભાઈ (મેમનગર)
૬૧. પટેલ ગર્વિત એસ. (ગોધરા)
૬૨. પટેલ લીલાબેન સી. (ગોધરા)
૬૩. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ - રવિ-યોગેશ (બાલવા)
૬૪. પટેલ લાભુબેન - સુભદ્રાબેન (કુંડાળ)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર ખાતે શ્રીહરિ અંતર્ધાન તિથિ અને રથયાત્રોત્સવ ઉજવાયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણ દાસજીની શુભ પ્રેરણાથી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી પ્રસાદીના સભા મંડપમાં જેઠ સુદ-૧૦ ના શ્રીહરિની અંતર્ધાન તિથિ નિમિત્તે વિરહના કીર્તન અને કથા કરવામાં આવી હતી. જેમાં સંતો-હરિભક્તો એ લાભ લીધો હતો. ત્યારબાદ ઠાકોરજીની રાજભોગ આરતી થઈ હતી. સૌ સંત હરિભક્તોએ દર્શન કરી ઠાકોરજીના થાળનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

જેઠ સુદ-૩ તા.૨૨-૬-૧૨ના રોજ શ્રી નરનારાયણદેવ સમક્ષ ઠાકોરજીને રથમાં બિરાજમાન કરી બ્રહ્મચારી પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી અને તેમના સંત મંડળે ક્રમશઃ કુલ ઠાકોરજીની પાંચ આરતી ઉતારીને સૌ ભક્તોને મગ ચણા અને જાંબુનો પ્રસાદ વહેંચ્યો હતો. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે ઠાકોરજી સમક્ષ રથયાત્રાના પદો ગાયા હતા.

(શા. નારાયણ મુનિ સ્વામી)

**આદરજ ધામમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી સંપ્રદાયમાં જે ગામનું નામ પડે એટલે અન્નકૂટ શબ્દનું હૃદયમાં રટણ થાય. એવા પ્રસાદીના અલૌકિક આદરજ ગામમાં સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજીના માર્ગદર્શન અને પ્રેરણાથી ભવ્યાતિભવ્ય હરિમંદિરનું નિર્માણ થયું.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા.૨૦-૫-૧૨ થી તા.૨૪-૫-૧૨ દરમ્યાન શ્રીમદ્ ભાગવત્ દશમસ્કંધ પારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સ.ગુ.શા.સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર) તથા સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અસારવા) તથા સહ વક્તા સ.ગુ.શા.સ્વામી હરિપ્રિયદાસજી (ગાંધીનગર) એ સુંદર અલૌકિક કથાનું રસપાન કરાવ્યુ હતું. આ ઉપરાંત ત્રિદિનાત્મક વિષ્ણુયાગ, ૧૧ સહિંતા પાઠ, સંતો દ્વારા વ્યાખ્યાન માળા, છપ્પન ભોગ અન્નકૂટોત્સવ, જે ઝુંડાલ ગામ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા થયો હતો. ઉત્સવનો પ્રારંભ પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરીને થયો હતો. સાથે મૂર્ધન્ય વક્તાશ્રીઓનું પૂજન થયું હતું. સાથે સાથે નિજ મંદિરમાં શ્રીહરિએ સ્થાપેલા સદ્ગુરોઓ સ.ગુ. મુક્તાનંદસ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી અને સ.ગુ. શામળીયા ચૈતન્યાનંદ સ્વામીની સ્મૃતિમાં અષ્ટસ્થંભી કલાત્મક છત્રીનું ઉદ્ઘાટન તથા આદરજ લીલાની પુસ્તિકાનું વિમોચન થયું હતું. દાતાશ્રીઓનું સન્માન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. બીજા દિવસે સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્યાતિ ભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવ્યુ હતું. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની વેદોક્ત વિધિથી પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. ત્યારબાદ વિષ્ણુયાગ અને કથાની પૂર્ણાહુતિ બાદ અન્નકૂટ આરતી થઈ હતી.

છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સભામાં ખૂબજ રાજી થઈને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગમાં રસોડાની સેવામાં ધમાસણા ગામે સુંદર સેવા બજાવી હતી. ઉત્સવના મુખ્ય યજમાન પ.ભ. નારાયણદાસ ખુશાલદાસ પટેલ પરિવાર (મોખાસણ) હસ્તે રમેશભાઈ, વિનોદભાઈ અને અશ્વિનભાઈએ ઘણી સારી સેવા કરી હતી. સમગ્ર મૂર્તિઓ અને સિંહાસનના યજમાન પ.ભ. પટેલ ઈશ્વરદાસ અમીચંદ દાસ પરિવાર (મોખાસણ) હ. મહેન્દ્રભાઈ તથા શૈલેષભાઈ (યુ.એસ.એ.) રહ્યાં હતા.

સમગ્ર મહોત્સવના આયોજક સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજી તથા માર્ગદર્શક સ.ગુ. સ્વામી રઘુવીર ચરણ દાસજી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદ દાસજી રહ્યાં હતા. સભા સંચાલન શા. સ્વા. સત્યપ્રકાશ દાસજીએ (મૂળી) શોભાવ્યુ હતું.

(ઘનશ્યામભાઈ પટેલ ઉવારસદ, મહોતજી ઠાકોર-આદરજ)

**વડનગર મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રેના મહંત સ.ગુ.શા.સ્વામી નારાયણવલ્લભ દાસજીની પ્રેરણાથી તથા અ.નિ.પ.ભ. કાંતિલાલ કચરાલાલ ભાવસાર (વડનગર) હ. સુપુત્રો શ્રી અનીલભાઈ તથા શ્રી સંજયભાઈના યજમાન પદે મહા ગુજરાતની પૌરાણિક ઐતિહાસિક ધાર્મિક નગરી

વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજનો ૫૧ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

જેઠ વદ ૧૨ ને તા.૧૬-૬-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક વેદ વિધિસર સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીહરિ ઐશ્વર્ય દર્શને ગ્રંથની પંચાન્હ પારાયણ શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજીના વક્તા પદે પ.ભ. ભાવસાર ગોવિંદલાલ તારાચંદના સુપુત્રો શ્રી નટવરલાલ તથા શ્રી ગુણવંતલાલ ભાવસાર તરફથી થઈ હતી.

આ શુભ પ્રસંગે પાટોત્સવ અને પારાયણના યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નું પૂજન અર્ચન અને આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. વડનગર શ્રી નરનારાયણ દેવ યુવક મંડળે પ.પૂ. મહારાજશ્રીનું કમળ પુષ્પહાર સ્વાગત કરી આરતી ઉતારી અનેરો લાભ લીધો હતો. આ શુભ પ્રસંગે અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણ દાસજી, ધોળકા મંદિરના મહંત શા. પૂર્ણપ્રકાશ દાસજી, શા.સ્વા. હરિજીવન દાસજી (હિંમતનગર) મહંત સ્વામી નારાયણ પ્રસાદ દાસજી (મહેસાણા) તથા શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) એ પ્રસંગોચિત પ્રવચનમાં મૂળ ગાદી, દેવ, આચાર્યશ્રી, સંત અને વડનગર મંદિર અને પાટોત્સવની મહત્તા બિરદાવી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ સત્સંગની સાથે સાથે મનુષ્ય જન્મનું કર્તવ્ય અને વડનગર ભૂમિનો મહિમા સમજાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં વડનગરના પૂજારી શા. અભિષેકપ્રસાદદાસજી, સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (કલ્યાણપુરા) સ્વા. ચંદ્રપ્રકાશ દાસજી, સ્વામી બાલમુકુન્દ દાસજી અને શા. વિશ્વસ્વરૂપ દાસજીએ સુંદર સેવા બજાવી હતી. ધામોધામના સંતોએ પધારી પ્રસંગને શોભાવ્યો હતો. સભા સંચાલન મહંત શા.સ્વામી નારાયણ વલ્લભ દાસજીએ દીપાવ્યું હતું.

(નવિનચંદ્ર એમ. મોદી - વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - મહેસાણા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે મહંત સ્વામી નારાયણ પ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વૈશાખ સુદ-૩ થી જેઠ સુદ-૧૫ સુધી સુંદર સુંગધીત શિતળ ચંદનના વાઘા ઠાકોરજીને ધરાવીને દર્શન કરાવવામાં આવતા હતા. જેના દર્શન સમગ્ર દંઢાવ્ય દેશના હરિભક્તોએ કરીને ધન્યતા અનુભવી હતી. જેઠ વદ-૧ ના શ્રીહરિને કેશર મિશ્રિત જળથી અભિષેક સ્નાન કરાવવામાં આવ્યુ હતું. જેના દર્શન અનેક હરિભક્તોએ કર્યા હતા. આ ઉપરાંત સ.ગુ.શા.સ્વામી આત્મપ્રકાશ દાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગ દર્શન હેઠળ વિવિધ પ્રવૃત્તિ અત્રે મંદિરમાં ચાલે છે. જેમાં દર ગુરૂવારે રાત્રે ૮ થી ૧૧ પ્રસાદી ભુત કશળીબાઈના ઘર આગળ સત્સંગ સભા, દર રવિવારે ૯ થી ૧૧ બાળ કિશોરની સત્સંગ સભા, બપોરે ૩ થી ૬ કરશનપુરાના બાળ તથા કિશોરોની સત્સંગ સભા કરશનપુરા ગામના મંદિરમાં થાય છે. તથા રાત્રે ૮ થી ૧૧ મહેસાણા મંદિર ખાતે જનરલ સત્સંગ સભા કરવામાં આવે છે. જેમાં ઘણા હરિભક્તો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

(સાધુ પ્રેમપ્રકાશદાસ - મહેસાણા)

**અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૯૮મો પાટોત્સવ ઉજવાયો**

મર્યાદા પુરૂષોત્તમશ્રી રામચંદ્રજી ભગવાનની જન્મભૂમિ અને સર્વાવતારી શ્રી ઘનશ્યામમહારાજની રમણભૂમિ અયોધ્યાપુરી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજનો ૯૮મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ.સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી માણસાના અ.નિ. પટેલ સાંકળચંદ ઉમેદદાસના સુપુત્ર પ.ભ. જયંતીભાઈ પટેલ તથા અ.નિ.પ.ભ. મંગળદાસ ઉમેદદાસ પટેલના સુપુત્ર પ.ભ. પ્રવિણભાઈ પટેલ તથા માતૃશ્રી ગં.સ્વ. રાઈબેન તથા ગં.સ્વ. પાલીબેન આદિ પરિવાર તરફથી અષાઢ સુદ-૪ ને તા.૨૩-૬-૧૨ના રોજ ધામધૂમપૂર્વક વૈદિક પૂજાપાઠ સભર ઉજવાયો હતો.

આ શુભ પ્રસંગે અમદાવાદથી સ.ગુ. સ્વામી જગતપ્રકાશ દાસજી તથા છપૈયા મંદિરના મહંત સ.ગુ.બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, વડનગર મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. નારાયણ વલ્લભદાસજી તથા પુજારી સ્વામી કેશવપ્રસાદદાસજી, સ્વા. વિષ્ણુપ્રસાદ દાસજી, સ્વા. અજય પ્રકાશદાસજી (મૂળી) સ્વા. ઉત્તમપ્રિયદાસજી, આનંદ સ્વામી, ભરત ભગત (મૂળી) સિકંદર ભગત (ઈસંડ) ભૂપેન્દ્ર ભગત અને સુમિત ભગત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ અયોધ્યા અને છપૈયાના મહિમા સાથે પાટોત્સવના યજમાન

પરિવારની સેવાને બિરદાવી હતી. તેમજ પૂજારી સ્વામી કેશવપ્રસાદ દાસજીની સેવાને પણ બિરદાવી હતી. યજમાન પરિવારે ઠાકોરજીનો અભિષેક, શણગાર આરતી અને અન્નકૂટ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે નૂતન આધુનિક ઉતારા બાંધકામ નિર્માણ સેવાને હરિભક્તોએ નિહાળીને દેવસ્વામીને અનેકાનેક ધન્યવાદ આપ્યા હતા.

પાટોત્સવના યજમાન શ્રી રમેશભાઈ, શ્રી અશ્વિનભાઈ તથા શ્રી બિપીનભાઈ, ઉત્સવ, પથિક પૂજન તથા દશરથભાઈ સાંકળચંદ પટેલ વિહાર તથા દશરથભાઈ પી. પટેલ, જયંતીભાઈ પી. પટેલ તથા વિષ્ણુભાઈ પી. પટેલ આદિ હરિભક્તોએ પાટોત્સવનો લાભ લઈ સંતોનું ફુલહારથી પૂજન કર્યું હતું.

અયોધ્યા મંદિરના મહંત સ્વામી દેવપ્રસાદદાસજી એ સૌનો આભાર વ્યક્ત કરી સૌ સંતો-ભક્તોની સેવાને બિરદાવી હતી. સભા સંચાલન વડનગરના મહંત સ.ગુ.શા.સ્વામી નારાયણ વલ્લભદાસજી એ દીપાવ્યું હતું.

(સ્વામી વિષ્ણુપ્રસાદદાસ ગુરુ સ્વા. જગતપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલનો ૭મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ તાબાના બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૭મો પાટોત્સવ વૈશાખ સુદ-૭ તા.૨૮-૪-૧૨ના રોજ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના યજમાન પદે પ.ભ. કૌશિકભાઈ ચંદ્રકાન્તભાઈ જોશીએ સહ પરિવાર લાભ લીધો હતો. આ સાથેજ મંદિરના બાજુના ખાલી પ્લોટમાં મંદિરના તથા હરિભક્તોના ધાર્મિક લાભાર્થે નવનિર્માણ પામનાર ભવ્ય હોલના ખાત મુહૂર્ત વિધિનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા યજમાન શ્રી તથા ડૉ. કે. આર. પટેલે લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂજાવિધિ અને ખાત મુહૂર્ત વિધિવત થયું હતું. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારી હતી.

આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણ દાસજી, નારાયણઘાટ મહંત શ્રી દેવ સ્વામી, કૃષ્ણવલ્લભ સ્વામી (સુરેન્દ્રનગર) હરિચરણ સ્વામી (ધોલેરા) આદિ સંતોએ મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સૌ ભક્તો અને યજમાન પરિવારને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવમાં નાના મોટા ભક્તોએ ઉપસ્થિત રહી હોલના બાંધકામમાં સેવા કરી હતી.

સમગ્ર પ્રસંગમાં પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ, (ટ્રસ્ટીશ્રી) પ.ભ. ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ, કોઠારીશ્રી અમૃતભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી અરવિંદભાઈ પટેલ અને શ્રી રાજુભાઈ પટેલ આદિ સૌ હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. (પ્રવિણભાઈ ઉપાધ્યાય)

<u>શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાના ૩૧માં વાર્ષિક પાટોત્સવના ઉપક્રમે કુલ ૩૧ સત્સંગ સભાઓનું ગામડે ગામડે આયોજન કરવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખાસ આજ્ઞા કરી છે. જે આજ્ઞાનુંસાર થયેલ સભાઓનો વિસ્તૃત અહેવાલ.</u>

**આજોલ - પાંચમી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આજોલ ગામે પમી સત્સંગ સભા તા.૧૯-૫-૧૨ના રોજ થઈ હતી. જેના યજમાનપદનો પ.ભ. પ્રહલાદભાઈ જીવણલાલ પટેલ પરિવારે લાભ લીધો હતો.

આ પ્રસંગે સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામી, (નારાયણઘાટ) સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી, સ.ગુ.શા. સ્વા. ચૈતન્ય સ્વરૂપ દાસજી, (કોટેશ્વર) શા.સ્વા. કુંજવિહારી દાસજી આદિ સંત મંડળે હરિભક્તોને અને નવા મુમુક્ષુઓને ભગવાનમાં જોડાવા માટે દૃષ્ટાંત સાથે કથા વાર્તા અને કીર્તન ભક્તિ કરી હતી. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**રાજપુરા ગામે ૬ઠ્ઠી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી રાજપુરા ગામે ૬ઠ્ઠી સત્સંગ સભાનું સુંદર આયોજન તા.૨૬-૫-૧૨ના રોજ થયું હતું. આ સભા પ.ભ. હરગોવિંદભાઈ ચતુરભાઈ પટેલ (શાહીબાગ) તરફથી થઈ હતી. આ પ્રસંગે સ.ગુ.શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કથાકાર કોટેશ્વર) અને શા.કૂંજ વિહારી દાસજીએ હરિભક્તોને ભગવાન સંબંધી સર્વોપરિ સંપ્રદાય અને ધર્મકુળ નો મહિમા કહ્યો હતો. ઘણા ભાવિક ભક્તો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**હિરાવાડી બાપુનગરમાં ૭મી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા. પી.પી.સ્વામી (નારાયણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી હિરાવાડી બાપુનગર ખાતે તા.૨-૬-૧૨ના રોજ અ.નિ. ડાહીબેન પુરૂષોત્તમદાસ પટેલ પરિવારના મહેશભાઈ તથા પરેશભાઈ તરફથી થઈ હતી.

આ ભવ્ય સભામાં સ.ગુ. મહંત શા. સ્વામી

હરિકૃષ્ણદાસજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશ દાસજી, સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી, (નારાયણઘાટ) શા. કુંજ વિહારી દાસજી અને પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી આદિ સંતોએ પોતાના વક્તવ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ધર્મકુળ વિષે સૌ ભક્તોને માહાત્મય મહિમા સાથે સમજ પુરી પાડી હતી. ઘણા હરિભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. (શા. કુંજવિહારીદાસ)

**મેઘાણીનગર (તાતાનગર) ૮મી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી મેઘાણીનગર, તાતાનગર માં પ.ભ. મંગળદાસ રામદાસ પટેલ, ઈશ્વરભાઈ રામદાસ પટેલ, સુરેશભાઈ શંકરભાઈ પટેલ અને પરેશભાઈ શંકરભાઈ પટેલના યજમાનપદે ૮મી ભવ્ય સત્સંગ સભા થઈ હતી. જેમાં પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી સ.ગુ. મહંત પી. પી. સ્વામી (નારાયણઘાટ) સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપ દાસજી અને સ.ગુ. સ્વામી ધર્મજીવન દાસજી આદિ સંતોએ સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અને ધર્મવંશીનું મહિમા માહાત્મય સમજાવ્યુ હતું. ઘણાજ હરિભક્તોએ લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**ચરાડા ગામે નવમી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમ પ્રકાશદાસજી (નારાયણઘાટ, મહંતશ્રી)ની પ્રેરણાથી તા.૧૭-૬-૧૨ના રોજ ચરાડામાં નવમી સત્સંગ સભા પ.ભ. રમેશભાઈ (લક્ષ્મી ડેરી - વિરાટનગર) ના યજમાન પદે થઈ હતી.

આ પ્રસંગે સ.ગુ. મહંત શા.સ્વામી પુરૂષોત્તમ પ્રકાશ દાસજી, શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા. કુંજ વિહારી દાસજી, સ્વા. ચંદ્રપ્રકાશદાસજી, શા. ભક્તિ સ્વામી (માણસા) આદિ સંતોએ ભગવાનનું માહાત્મય કથાના રૂપમાં કહ્યું હતું. કીર્તન ભક્તિ સંતો દ્વારા થઈ હતી. (શા. દિવ્ય પ્રકાશ દાસજી)

**સોખડા ગામે દશમી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા. પી. પી. સ્વામી (નારાયણઘાટ)ના માર્ગદર્શન પ્રેરણાથી પ.ભ. જોઈતાભાઈ કેશવલાલ પટેલ ના યજમાન પદે તા. ૨૩-૬-૧૨ ના રોજ સોખડા (કુકરવાડા) ગામે ભવ્ય સત્સંગ સભા થઈ હતી. જેમાં સ.ગુ.શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી, સ.ગુ.સ્વામી કુંજવિહારી દાસજી અને સ્વા. દિવ્યપ્રકાશદાસે હરિભક્તોને કથામૃત પાન કરાવીને રાજી કર્યા હતા.

(કોઠારીનારાયણભાઈ)

**ચાંદખેડામાં ભવ્ય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા - આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશ દાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણ ઘાટ)ની પ્રેરણાથી અમદાવાદના પરા વિસ્તાર ચાંદખેડા હિરા મોતી સોસાયટીમાં તા.૧૦-૬-૧૨ નારોજ ભવ્ય જાહેર સત્સંગ સભા થઈ હતી. જેમાં સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ) સ.ગુ. શા. સ્વામી ચૈતન્ય સ્વરૂપ દાસજી (કોટેશ્વર) તથા શા. સ્વામી કુંજ વિહારી દાસજીએ સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્ર દૃષ્ટાંત સાથે સમજાવ્યું હતું. ચાંદખેડા અને આજુબાજુની સોસાયટીમાં વસતા નવા મુમુક્ષુઓએ પણ સભાનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા (ચિમનભાઈ પટેલ - ચાંદખેડા)

**મોટા ધરોડા (પંચમહાલ)માં પ.પૂ. મહારાજશ્રી પધાર્યા**

પંચમહાલ જીલ્લાના મોટા ધરોડા ગામમાં સૌ પ્રથમ વાર શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે જેતલપુર ધામના પૂજ્ય પી.પી. સ્વામીના માર્ગદર્શનથી ગામના ભાવિક મુમુક્ષોઓએ ભવ્ય શોભાયાત્રા યોજીને ધર્મવંશીને વધાવ્યા હતા. ગામમાં સુંદર સભાનું આયોજન થયું હતું. જેમાં પૂ. પી.પી. સ્વામી, વયોવૃદ્ધ શ્યામસ્વામી, કાંકરિયાના શાસ્ત્રી યજ્ઞ પ્રકાશદાસ અને કોઠારી જે. કે. સ્વામી આદિ સંતોએ ગામના મુમુક્ષુઓને સર્વોપરિ સંપ્રદાયની સર્વોપરિ શ્રી નરનારાયણ દેવ ગાદીનું માહાત્મય, દ્રષ્ટાંત વાતો, કથા કીર્તન આદિ થયા હતા. ૫૦ મુમુક્ષુઓને ગુરુ મંત્ર અને ૪૦ ઘરોમાં ધર્મવંશી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ પધરામણી કરીને ઘરને મંદિરમાં રૂપાંતર કરી દીધું હતું!

આવા છેવાડાના ગામમાં ગ્રામવાસીઓને દુર્લભમાં દુર્લભ લાભ પ્રાપ્ત થયો તેથી પોતાને ધન્ય ભાગી માનવા લાગ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપીને રાજી રાજી કરી દીધા!

(શા. ભક્તિનંદનદાસ - જેતલપુર)

**ટ્રેન્ટ - પાટડીથી છપૈયા - પુલ્હાશ્રમયાત્રા તથા ઠાકોરજીનો રાજોપચાર**

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટ્ય ભૂમિ છપૈયા ધામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા અ.સૌ.પ.પૂ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળા શ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા પૂ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના સંકલ્પ પ્રેરણાથી સાંખ્ય યોગી શાંતાબા (પાટડી)ના અથાગ પ્રયત્ન પ્રેરણાથી સર્વોપરિ છપૈયા ધામમાં

તા.૧૦-૫-૧૨ થી તા.૧૪-૫-૧૨ પર્યન્ત ઠાકોરજીનો રાજોપચાર તથા સત્સંગિ ભૂષણ પંચાન્હ પારાયણ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પાટડી - ટ્રેન્ટના ૫૦૦ હરિભક્તોનો સંઘ અમદાવાદ રેલ્વે સ્ટેશનથી જેતલપુર ધામના સ.ગુ. શ્યામચરણ સ્વામી, શા. ઉત્તમપ્રિય સ્વામી, શ્રી પ્રકાશસ્વામી, શા. ભક્તિ નંદન સ્વામી દ્વારા રેલ્વે મારફત અયોધ્યા પહોંચ્યો હતો. જ્યાં અયોધ્યા દર્શન કરીને તા.૯-૫-૧૨ના રોજ અયોધ્યાથી છપૈયા ધામપગપાળા સંઘમાં જોડાયો. તમામહરિભક્તો તથા સાં. શાંતાબા અને શિષ્ય મંડળ સાથે જોડાયા. જ્યાં છપૈયા ધામમાં સત્સંગિ ભૂષણ કથાનો પ્રારંભ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) તથા તેમના નવયુવાન શિષ્ય મધુર કથા શૈલી વાળા શા. સ્વા. ભક્તિનંદન દાસજીના વક્તા પદે કથાનો સુંદર પ્રારંભ થયો. હજારો મુમુક્ષુ શ્રોતાગણ કથારસમાં ગુલતાન અને તન્મય બની ગયા !

કથા પ્રસંગમાં આવતા તમામ ઉત્સવો વિવિધ યજમાનો દ્વારા ઉજવાયા. જેમાં શ્રી ઘનશ્યામજન્મોત્સવ, રામપ્રતાપભાઈના લગ્ન, ગાદી અભિષેક, અન્નકૂટ ઉત્સવ મુખ્ય હતા.

તા.૧૧-૫-૧૨ના રોજ બપોરના પ.પૂ. મોટા મહારાજશ્રીનું આગમન થયું. સાથે સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશ દાસજી અને સંત-પાર્ષદ મંડળ જોડાયા હતા. સાંજના પ.પૂ. મોટા મહારાજશ્રી સંતો સાથે નારાયણ સરોવરે સમૂહ સંધ્યા આરતી ઉતારવા પધાર્યા હતા. જેના યજમાન પ.ભ. બાબુભાઈ પાટડીવાળા રહ્યા હતા. તા.૧૨-૫-૧૨ના રોજ સવારે રાજોપચાર માટે પ્રથમ બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી, ઠાકોરજીને વાઘા, અલંકારો, છત્ર, ચમર, છડી, મુગટ, ઠાકોરજી માટે નવા થાળ આદિ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે હરિભક્તો તરફથી અર્પણ કરાયા હતા. ત્યારબાદ સમૂહ મહાપૂજામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને આરતી ઉતારીને સભામાં દર્શન આપવા પધાર્યા હતા. જ્યાં યજમાન પરિવારોએ ધર્મવંશીનું પૂજન આરતી કર્યા હતા. ત્યારબાદ તમામ ભક્તોને ચરણ સ્પર્શ દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ સમસ્ત યાત્રિકો - યજમાનો અને સંત સમુદાયને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. તા.૧૪-૫-૧૨ના રોજ કથાની પૂર્ણાહુતિ છપૈયા મંદિરના મહંત સ્વામી બ્ર. વાસુદેવાનંદજી અને જેતલપુર ધામના પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજીએ કરી હતી. તમામ યાત્રિકોએ જન્મસ્થાન બાંધકામમાં રોકડ સ્વરૂપમાં સેવા કરીને ધન્યતા અનુભવી હતી. અમદાવાદથી પધારેલા પ.ભ. જનકભાઈ વિનુભાઈ પટેલ અને બાબુભાઈ પટેલે પણ સેવા નોંધાવી હતી. સાંજે ૪-૦૦ કલાકે દરેક યાત્રિકોએ દર્શન કરીને વિદાય લીધી હતી. દરેકના જીવનમાં છપૈયા ધામના દર્શન કર્યાનો આનંદ સમાતો ન હતો.

આ પ્રસંગને દિપાવવા માટે જેતલપુર ધામથી નવયુવાન શા. ભક્તિનંદન દાસજી અત્રે છપૈયામાં અવાર-નવાર સરળ ભાષામાં દરેક ભક્તજનોને કથાનો લાભ આપે છે. અને અત્રેના શાસ્ત્રી શા. બ્ર. હરિસ્વરૂપાનંદ, બ્ર. શા. પવિત્રાનંદજીએ સભા સંચાલન કરી પ્રસંગને શોભાવ્યો હતો. અત્રેના તમામસ્ટાફે પણ સુંદર સેવા બજાવી હતી. અહીં છપૈયાથી પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી યાત્રા સંઘ પૈકી ના ૬૦ હરિભક્તો પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી સાથે તા.૧૫-૫-૧૨ થી તા.૨૦-૫-૧૨ સુધી પુલ્હાશ્રમની અલૌકિક યાત્રા જ્યાં બાળ ઘનશ્યામપ્રભુએ ચાર માસ સુધી તપ કરી ૧૦૮ ધારામાં સ્નાન કરી, મુક્તિનાથ પ્રભુના દર્શન કરી, છત્રીએ વિરાજી મહાપૂજા, જનમંગલ નામાવલિ, હરિકવચ, નારાયણ કવચના જાપ કર્યા હતા. તે સ્થાનના મહિમાની કથા શા. ભક્તિનંદન સ્વામીએ કરી હતી. આ યાત્રામાં સૌ પ્રથમ શ્યામચરણ સ્વામી અને શા. ઉત્તમસ્વામી દર્શન કરીને ધન્ય ભાગી બન્યા હતા.

(નારાયણભાઈ તલાટી - પાટડી અને ગોવિંદભાઈ - ટ્રેન્ટ)

**ઘાટલોડિયા (નવા વિસ્તારમાં) માં બીજી ભવ્ય સભા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી દેવ સીટી બંગ્લોઝ (કોમન પ્લોટ) ઘાટલોડિયા ખાતે તા.૩-૬-૧૨ ના રોજ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન ભવ્ય સત્સંગ સભા થઈ હતી. જેમાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશ દાસજી (નારાયણઘાટ), શા. ચૈતન્ય સ્વરૂપદાસજી આદિ સંતોએ મનનીય કથામૃતપાન કરાવ્યું હતું. તેમજ ઘાટલોડિયા મંદિર, નારાણપુરા અને મેમનગર મંદિરના ધુન મંડળોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનની રમઝટ બોલાવી હતી. સભાનું સંચાલન પ.ભ. અશોકભાઈ નારણભાઈએ સુંદર રીતે શોભાવ્યું હતું. આ સભાના યજમાન દેવસીટીના તમામ હરિભક્તો રહ્યાં હતા.

શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા દર રવિવારે અને દર એકાદશીના સત્સંગ સભા રાત્રે ૮.૩૦ થી

૧૦.૩૦ ગણેશપાર્ક કોમ્પલેક્ષ વિ-૧, ગોકુલ ડેરીની બાજુમાં, આઈ.ડી. પટેલ સ્કુલ રોડ ઘાટલોડીયામાં થાય છે. જેથી ઘાટલોડિયા, સોલા, ચાંદલોડિયા વિસ્તારના હરિભક્તોને સભાનો અવશ્ય લાભ લેવો. નોકરી ધંધામાં જીવન ક્યારે જતું રહેશે. તે ખબર નહીં પડે માટે આવો મહા દુર્લભ લાભ જરૂર લેશો.

સંપર્ક : રમેશભાઈ પી. પટેલ - ૯૫૮૬૪૨૨૬૦૧, ભોળાભાઈ સી. પટેલ-૯૯૨૫૮૦૫૪૬૩

(રમેશભાઈ પી. પટેલ)

**કાલીયાણા ગામમાં સત્સંગ પ્રવૃત્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને જેતલપુર ધામના પૂ. શા. સ્વા. આત્મપ્રકાશ દાસજી તથા પૂજ્ય શાસ્ત્રી સ્વામી પી. પી. સ્વામીના માર્ગદર્શન અને પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ નિયમિતરૂપે વચનામૃતનું વાચન, કીર્તન ભક્તિ અને મૂળ સંપ્રદાયના સિદ્ધાંતો નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા માટે હરિભક્તોને કટિબદ્ધ થવા ખાસ સમજ આપવામાં આવે છે. આવા ભક્તિ સભર કાર્યક્રમમાં પ.ભ. ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા અને પ.ભ. હિરાભાઈ આદિ ગામના ઘણા હરિભક્તો પ્રેરણારૂપ બન્યા છે. (પથાભાઈ મલુભાઈ)

**અરોડા (જૂના) પાટોત્સવ**

તા.૨૨-૪-૧૨ ઈડર દેશના જૂના અરોડા મંદિરનો પાંચમો પાટોત્સવ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ખાસ પધાર્યા હતા. અને યજમાનશ્રી દીનેશભાઈ કચરાભાઈ ભગત પરિવારને ઘેર પધરામણી કરીને મંદિરમાં પધાર્યા હતા. ઠાકોરજીનો અભિષેક તથા અન્નકૂટની આરતી ઉતારી તેઓશ્રી સભામાં પધાર્યા હતા. સભામાં યજમાન પરિવારે પૂ. મહારાજશ્રીની આરતી તથા ભેટ-પૂજા કરી હતી. મંડળના સંતો વતી કોઠારી સત્યસંકલ્પ સ્વામી તથા શાસ્ત્રી શ્રીજી પ્રકાશદાસજી (સોકલી)એ પૂ. મહારાજશ્રીને હારતોરા કર્યા હતા. આ પ્રસંગે સ.ગુ. રઘુવીર ચરણસ્વામી (સોકલી), વાસુદેવચરણ સ્વામી, શાસ્ત્રી વિશ્વવલ્લભદાસજી વગેરે સંતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. પ.પૂ. મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં નિષ્ઠા અને સંપ વિષે વિસ્તારથી વાત કરી હતી તથા મહંત સ્વામી જગદીશ પ્રસાદ ઉપર રાજીપો બતાવ્યો હતો. સભા સંચાલન શા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંત) એ શોભાવ્યું હતું. છેલ્લે પ્રસાદ લઈને સૌ છૂટા પડ્યા હતા. ટોરડા, લાલોડા અને અમદાવાદથી સંતો પધાર્યા હતા. (કોઠારીશ્રી)

**મરતોલી મંદિરનો રજત જયંતી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મૂર્ધન્ય સાહિત્યકાર શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદ સ્વામીના માર્ગદર્શન મુજબ મરતોલી મંદિરનો રજતજંયતી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો.

આ પ્રસંગે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સત્સંગ સભાઓ થઈ હતી. તથા ત્રિદિનાત્મક વિષ્ણુયાગનું આયોજન કર્યું હતું. જેમાં ગામના સત્સંગીઓએ લાભ લીધો હતો. તા.૧-૫-૧૨ પાટોત્સવના દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિશાળ સભામાં સંતો તથા હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં સભા થઈ હતી. મુખ્ય યજમાન નટુભાઈ ચેલભાઈ પટેલને પ.પૂ. મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. ઉપરાંત સોકલી, ટોરડા, ઈડર, હિંમતનગર, અમદાવાદ વગેરે ધામોધામથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમગ્ર ચુંવાળ પંથકના સત્સંગીઓને બળપ્રેરક આશીર્વાદ આપ્યા હતા. શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજી (સોકલી) તથા કોઠારી સત્ય સંકલ્પ દાસજીએ ઉત્સવને શોભાવવા કમર કસી હતી. સભા સંચાલન શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર) એ શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી)

**માણસા વિસ્તારના અમરાપુરા (ખરના) ગામમાં ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી અમરાપુરા ગામે સુંદર ભાગવત કથાનું આયોજન શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે થયું હતું. ચૌધરી સમાજના અન્ય ગામોના અલૈયા, બાપુપુરા, માણેકપુર, માણસા અને ખરણા ગામના હરિભક્તોએ કથાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ગ્રામજનો અને યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. ચંદ્રપ્રકાશ સ્વામી, માધદા સ્વામી અને ભરત ભગત વગેરે સેવામાં જોડાયા હતા. (વિજયસ્વામી-જમીયતપુરા)

**વસઈ (ડાભલા) માં કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂજ્ય સ.ગુ.શા. મહંત સ્વામી આત્મપ્રકાશ દાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ

મંદિરમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હપારાયણ ચાવડા વિક્રમસિંહ નારાયણસિંહના મુખ્ય યજમાન પદે થઈ હતી. અન્ય ભોજન પ્રસાદના યજમાન સોજા, માણસા, અમદાવાદ, વસઈ અને ઝુંડાલના હરિભક્તો રહ્યાં હતા.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ બહેનોના ગુરુ અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. વસઈ ગામના હરિભક્તો અને શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સભા સંચાલન પાર્ષદ ભરત ભગતે કર્યુ હતું. (અનિરૂદ્ધસિંહ ચાવડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ડેમાઈ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત ધર્મવંશીના આશીર્વાદથી અત્રે સત્સંગ સભા થઈ હતી. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બાળ મંડળે ભજન-કીર્તન કર્યા હતા. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) એ કથાનો સુંદર લાભ આપ્યો હતો. સર્વોપરિ ભગવાનનું માહાત્મ્ય અને ધર્મકુળનો મહિમા સહિત બળ પુરૂ પાડ્યુ હતું. આ સભામાં બાયડથી રમેશભાઈ, ચંદ્રેશભાઈ, દિનેશભાઈ અને જપનભાઈ વગેરે હરિભક્તોએ કથા વાર્તાનો લાભ લીધો હતો. મંદિરના કોઠારી ડાહ્યાભાઈ તથા રમેશભાઈ આદિ હરિભક્તોએ સુંદર આયોજન કર્યુ હતું.

(સાધુ ચંદ્રપ્રકાશદાસ - માણસા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મુળી મંદિર દ્વારા સત્સંગ સભાઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મુળી મંદિરના મહંત સ્વામી શ્યામસુંદરદાસજી તથા સુરેન્દ્રનગરના કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા શા.સ્વામી સત્યસંકલ્પદાસજી અને સંત મંડળ દ્વારા મુળી દેશના ગામડાઓમાં સત્સંગ પ્રવૃત્તિના વિશેષ ભાગ રૂપે ગામો ગામ સત્સંગ સભાઓનું સુંદર આયોજન કરવામાં આવેલું. જેમાં રામપરા, જીરાગઢ, ગઢડીયા, હરિપર, મેથાણ, તાવી, ભદ્રેશીમાં સંતો દ્વારા કથા-વાર્તા કરી મૂળ સંપ્રદાય, ગાદી સ્થાનના મહિમા સાથે લાભ આપેલો. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**સુરેન્દ્રનગર મંદિરમાં કથા-પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ આજ્ઞા-આશીર્વાદથી અને સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી સ.ગુ.પ્રેમજીવદાસજીની શુભ પ્રેરણાથી પ.ભ. મહેન્દ્રભાઈ શાહ (મુંબઈ)ના શુભ સંકલ્પથી તા.૨૧-૫-૧૨ થી તા.૨૫-૫-૧૨ સુધી શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પંચાન્હ પારાયણ શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મુળી) તથા શા. સ્વામી સત્યસંકલ્પદાસજીના વક્તા પદે થયેલી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તા.૨૧-૫-૧૨ના રોજ પધારેલા, નવનિર્મિત શ્રી બ્રહ્માનંદ યાત્રિક ભુવનનું ઉદ્ઘાટન કરી પૂ. મોટા મહારાજશ્રીએ સ્વામી કૃષ્ણવલ્લભદાસજીની સેવાને બિરદાવી આશીર્વાદનો હાર પહેરાવેલો. દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. પ.પૂ. મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દેવોના સુવર્ણ દ્વારનું શુભ ઉદ્ઘાટન તા.૨૫-૫-૧૨ના રોજ થયેલું. તેમજ સાથોસાથ યજમાન પરિવારનું સન્માન પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થયેલું. અમદાવાદ અને મૂળી દેશના સંતો અને હરિભક્તો પધારેલા. સભા સંચાલન શા. સ્વામી પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. સંહિતા પાઠના વક્તા પદે શા.સ્વામી સુવ્રતસ્વરૂપદાસજી બિરાજેલા. શ્રીનરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રસંશનીય રહેલી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા મહંત સાધુ ભક્ત વત્સલદાસની પ્રેરણાથી જેઠ સુદ-૧૦ શ્રીજી મહારાજની અંતર્ધાન તિથિ નિમિત્તે ૧૨ કલાકની અખંડ ધૂન કરવામાં આવી હતી. પૂજારી વંદનપ્રકાશ અને બાળ મંડળે કીર્તનભક્તિ કરી હતી. (નરેન્દ્રભાઈ સોની)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ચરાડવા**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવામાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજ, બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજને વૈશાખ સુદ-૩ થી જેઠ સુદ-૧૫ પર્યન્ત શિતળ મલીયાગર ચંદનના સુંદર સુશોભિત વાઘા બનાવીને દર્શન કરાવવામાં આવ્યા હતા. સ.ગુ. મહંત સ્વામી ઉત્તમપ્રિયદાસજી અને સ.ગુ. મહંત શા.સ્વા. બ્રહ્મવિહારી દાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પૂજારી સંતોએ ભગવાનને અદ્ભુત ચંદનના વાઘાના દર્શન હરિભક્તોને કરાવ્યા હતા. તા.૫-૬-૧૨ના રોજ કેશર સ્નાન દર્શન પણ અદ્ભુત હતા. કેશર સ્નાનના યજમાન પ.ભ. પ્રવિણભાઈ સુરેલીયા રહ્યાં હતા. ચરાડવા ગામના હરિભક્તો દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. (શા. સ્વા. સત્યપ્રકાશદાસજી)

## વિદેશ સત્સંગ સમાચાર

**અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ. ના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સીનો રજત જયંતી પાટોત્સવ મહોત્સવ**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાના અંતર્ગત આઈ.એસ.એસ.ઓ સંસ્થાપિત અમેરિકામાં સૌ પ્રથમ નિર્માણ થયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર, ન્યુજર્સી વિહોકનમાં આજથી ૨૫ વર્ષ પહેલા આપણા સૌના પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અથાગ પ્રયત્નથી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમ પૂર્વક સંપન્ન થઈ હતી. જે

મંદિરનો ૨૫મો વાર્ષિક પાટોત્સવ રજત જયંતી મહોત્સવ તા.૧૮ મે ૨૦૧૨ સોમવારથી ૩ જૂન રવિવાર ૨૦૧૨ સુધી સમગ્ર શ્રીજી મહારાજનું ધર્મકુળ પરિવાર, વિદ્વાન સંતો અને દેશ પરદેશના હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

ઉત્સવની શરૂઆત થાય તે પહેલા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીનું આગમન થયુ હતું. જેથી બહેનોમાં ઉત્સાહ વધ્યો હતો. આ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા ૨૪ મે ૧૯૮૭માં થયેલી. ત્યારની યાદ તાજી કરાવતા જેમને આ મંદિર ખૂબજ વહાલું છે અને પોતાનું ઘર માને છે એવા પ.પૂ. મોટા મહારાજશ્રી તા.૨૪ મે ના રોજ અહીં પધાર્યા ત્યારે હરિભક્તોનો ઉત્સાહ બેવડાયો.

તા.૨૮ મે સોમવાર સવારથી હરિભક્તોના હૈયા ઉભરાતા હતા. અમેરિકામાં મેમોરિયલ ડેની ઉજવણી થતી હતી ત્યારે સાંજે આપણા મંદિરમાં સત્સંગિ ભૂષણની પારાયણની શરૂઆતમાં ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે વિહોકન શહેરના મેયર મિ. ટર્નર, કાઉન્સીલર મિ. સોસાએ પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે દીપ પ્રગટાવી કથાનો પ્રારંભ કરાવ્યો હતો. જેતલપુર ધામના સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી પી.પી. સ્વામીના વક્તાપદે કથા શરૂ થઈ. સૌ પ્રથમ વક્તા મહોદયનું પૂજન કરવામાં આવ્યું. પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા. રજત જયંતી ઉત્સવની વિશેષતામાં સમગ્ર ધર્મકુળની ઉપસ્થિતિથી વાતાવરણ અલૌકિક અને દેદિપ્યમાન લાગતુ હતું. ૧ જૂન શુક્રવારે શ્રીહરિયાગનો પ્રારંભ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત સંપન્ન થયો. સાંજે ૩ થી ૫ કલાક પ.પૂ.અ.સૌ. ગાદીવાળા શ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં બહેનોની સભાનું સુંદર આયોજન થયું. બહેનોને સુંદર લાભ મળ્યો. સાંજે શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ થયા. ૨ જૂનને શનિવારે મહાપૂજાનું સુંદર આયોજન થયું. જેમાં હરિભક્તોએ વિશાળ સંખ્યામાં મહાપૂજામાં લાભ લીધો હતો. પ્રસાદ પણ હડસન નદી કિનારે લીધો. બૂલેવર્ડ ઈસ્ટ પર સુંદર નગરયાત્રાનું આયોજન થયું હતું. જ્યાં સર્વે હરિભક્તો પહોંચી ગયા હતા. ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રામાં માણકી ઘોડી સાથેના ફ્લોટમાં ધર્મકુળ સહિત સંતોના મંડળ શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. શોભાયાત્રામાં વિહોકનના મેયર કાઉન્સીલરો, અગ્રગણ્ય આગેવાનો અને વેસ્ટ ન્યુયોર્કના મેયર અને અહીંના સ્કુલના બાળકોના બેન્ડવાજાની ટુકડી જોડાઈ હતી. જેમાં ડાન્સ, ગરબા, ભજન-કીર્તન અને ધૂનના નાદોથી ગુંજતી, શોભાયાત્રા નદી કિનારેથી પસાર થઈ રહી હતી ત્યારે નગરજનો ભારે ઉત્સાહથી આવા દિવ્ય શોભાયાત્રાને કેમેરામાં કંડારતા હતા. શોભાયાત્રા જ્યારે મંદિરે આવી ત્યારે તેને વધાવી મંદિરના કળશ અને ધજા આરોહણ વિધિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ. પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાએ હવામાં રંગબેરંગી બલૂન છૂટા મુકી જયનાદ ગજાવ્યો હતો. સાંજે ૭-૦૦ વાગે સમગ્ર હરિભક્તો હોલ પર એકત્રિત થયા અને ધર્મકુળની પધરામણી સાથે જ ઉત્સવ કાર્યક્રમ શરૂ થયો. દરેક ચેપ્ટરોના પ્રમુખ શરૂઆતથી જ હાજર રહ્યા હતા. પૂર્વના પ્રમુખોનું સન્માન થયું. મહેમાનો તથા યજમાનોનું સન્માન પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે થયું. વિહોકનના મેયરશ્રી, કાઉન્સીલરમેન અને સભ્યોએ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. મહારાજશ્રીનું સન્માનપત્ર અર્પણ કરી સમગ્ર ટાઉનવતીથી બહુમાન કર્યુ હતું. સમગ્ર પ્રસંગમાં પ.પૂ. બિન્દુરાજા અને શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમાર પણ સભામાં રોજે પધારતા હતા.

શ્રીહરિકૃષ્ણ મહારાજની રજતતુલા વિધિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્યાતિ ભવ્ય રીતે સંપન્ન થઈ હતી.

આ પ્રસંગમાં યજમાનોએ પણ લાભ લીધો. અને છેલ્લે સંતોની પ્રેરક અમૃતવાણી બાદ ધર્મકુળના આશીર્વાદ પ્રાપ્ત થયા.

૩ જૂન રવિવારના વહેલી સવારથી મંદિરમાં ભક્તોની ભીડ જામવા લાગી હતી. ક્યાંય પગ મૂકવાની જગ્યા હતી નહીં. જેથી સામે સ્કૂલમાં બેસીને ટી.વી.માં હરિભક્તોને દર્શન થઈ શકે તેવી વ્યવસ્થા કરી હતી. શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદોક્ત વિધિથી થયો ત્યારે તેના દર્શન કરવાનું કોઈ હરિભક્ત ચૂક્યા ન હતા. સાથે શિવ પરિવાર સહિત પંચદેવ, શ્રી ગણપતિ મહારાજ, શ્રી હનુમાનજી મહારાજ અને સૂર્યનારાયણદેવની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અમેરિકાના સૌ પ્રથમ મંદિરમાં પ્રથમ પ્રાણપ્રતિષ્ઠાનો અલૌકિક લાભ ભક્તોએ લીધો. યજ્ઞની પૂર્ણાહુતિ પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટામહારાજશ્રીના આશીર્વાદ લઈ અન્નકૂટ આરતીના દર્શન કરી લાખો ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. અમેરિકાના દરેક આઈ.એસ.એસ.

ઓ. ચેપ્ટરો ના હરિભક્તોને ૨૫ વર્ષનું સંસ્મરણ તાજું થયું. અતિ આનંદ સાથે સૌ હરિભક્તોએ ધર્મકુળના દર્શન કરી વિદાય લીધી હતી. આ સમગ્ર પ્રસંગમાં નારણપુરા મંદિરના મહંત શા.સ્વા. હરિૐ પ્રકાશદાસજીએ સમગ્ર મહોત્સવનું સફળ સંચાલન કર્યું હતું. સાથે ન્યુજર્સીના મહંત શા.સ્વા. માધવપ્રસાદદાસજી, જેતલપુરના મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, (કે. પી. સ્વામી) જેતલપુરના પૂજારી બ્ર.સ્વા. પૂર્ણાનંદજી તેમજ અહીંના આપણા દરેક મંદિરોના મહંત સ્વામીશ્રીઓની પણ પ્રેરણાત્મક સેવા રહી હતી. ન્યુજર્સીના તમામ નાના-મોટા હરિભક્તોની સેવા પણ ભૂલાય તેમનથી. (ભક્તિભાઈ એસ. પટેલ - પ્રમુખશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં મહંત સ્વામી જ્ઞાનપ્રકાશ દાસજી અને અમદાવાદથી પધારેલા નરનારાયણસ્વામીએ સભામાં કથા વાર્તા કીર્તન આદિ કર્યા હતા. ભગવાનનું સિંહાસન યુવાન હરિભક્તોએ રંગબેરંગી બલૂનોથી શણગાર્યું હતું. ફાધર ડે નિમિત્તે યુવા પેઢીને સંતોએ પ્રેરણાત્મક પ્રવચનમાં ભગવાનના અને નંદો સંતોની વાતોમાંથી દૃષ્ટાંત દાખલા આપીને માતા-પિતા પ્રત્યેની આપણી ફરજ અદા કરવા અને હિન્દુ સંસ્કૃતિનું જતન કરવા ખાસ જણાવ્યું હતું. રોજે મંદિરનો લાભ લેવો, દર્શન કરવા, કીર્તન ગાવા, નિત્ય નિયમ કરવા, રોજે એક વચનામૃત વાંચવું આવી સુંદર વાતો કરીને ઠાકોરજીની આરતી થાળ કરી પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આગામી જુલાઈ માસમાં યોજાનાર શિબિર અંગે સૌને માહિતગાર કર્યા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (સ્ટ્રેધામ-લંડન)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી ની આજ્ઞા - આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ તાબાના મંદિરમાં દરેક ઉત્સવો ખૂબજ ધામધૂમથી ઉજવાય છે. હરિભક્તો ખૂબ જ મોટી સંખ્યામાં દર્શન કરવા આવે છે.

જેઠ સુદ-૧૫ ને સોમવારે મુકુટોત્સવ અને જલયાત્રાનો પ્રસંગ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે ભગવાન શ્રી સ્વામિનારાયણનો અભિષેક કરીને શા.સ્વા. વિશ્વવિહારીદાસજી અને સદ્ગુરુ સ્વામી યોગેશ્વરદાસજી દ્વારા જલયાત્રા અને મુકુટોત્સવની કથાનું સૌ હરિભક્તોએ રસપાન કર્યુ હતું.

સ્ટ્રેધામ-લંડન મંદિરમાં દર રવિવારે સૌ હરિભક્તો દ્વારા સત્સંગ સભા અને કથા વાર્તાનું આયોજન કરાય છે. અને યુવાન તથા બાળકોના સત્સંગ ક્લાસીસ (બે કલાક)નું પણ આયોજન થાય છે. (સ્ટ્રેધામ-મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડમાં ૪થો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા કલિવલેન્ડ મંદિરનો ચતુર્થ પાટોત્સવ તા.૧૦-૬-૧૨ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોની નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં ભક્ત ચિંતામણી ગ્રંથની પંચાન્હ પારાયણ શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી) ના વક્તાપદે થઈ હતી. તા.૯-૬-૧૨ ના રોજ વિષ્ણુયાગનું સુંદર આયોજન થયુ હતું. રવિવારના પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક થયો હતો. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી, વાસુદેવ સ્વામી અને યોગી સ્વામીએ ઉદ્બોધન કર્યુ હતું. આ ઉત્સવમાં ઘણા હરિભક્તોએ સુંદર સેવા કરી ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનો પર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. બહેનોએ રસોડામાં ખૂબજ સુંદર સેવા કરી હતી. (પ્રકાશભાઈ પટેલ)

**લુઈસવીલ (કંટકી) I.S.S.O. ચેપ્ટર**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી કંટકીમાં સત્સંગની સુંદર પ્રવૃત્તિ ચાલે છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ન્યુજર્સીના ૨૫મા રજત જયંતી પાટોત્સવની સમાપન વિધિ કરીને અત્રે હરિભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપવા તા.૩-૬-૧૨ને રવિવારના રોજ પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) બ્ર.સ્વા. પૂર્ણાનંદજી, વાસુદેવ સ્વામી આદિ સંત હરિભક્તો સાથે પધાર્યા હતા. રાત્રે ૯ વાગે પીસબર્ગ શહેરમાં ગોપાલભાઈ પટેલ (ચલોડાવાળા)ને ત્યાં થાળ અને રાત્રી રોકાણ કરી તા.૪-૬-૧૨ના હરિભક્તોને ત્યાં પધરામણી કરી ભરતભાઈને ત્યાં થાળ જમવા પધાર્યા હતા. સાંજે પ.ભ. ગોપાલભાઈને ત્યાં સુંદર સભા થઈ હતી. ત્યાં હરિભક્તોને આશીર્વાદ આપી રાજી કર્યા.

તા.૫-૬-૧૨ના સવારે ૯ કલાકે કંટકી પધાર્યા. ત્યાં શ્રી ધર્મેન્દ્રભાઈને ત્યાં ઉતારો કરી થાળ જમાડ્યા અને સુંદર સભામાં સંતોના પ્રવચન અને પૂ. મહારાજશ્રીએ હરિભક્તોને આશીર્વાદ આપી રાજી કર્યા.

તા.૬-૬-૧૨ના રોજ ૮ હરિભક્તોને ત્યાં પધરામણી કરી પ.ભ. પરસોત્તમભાઈને ત્યાં થાળ જમવા પધાર્યા. તેજ દિવસે પ.ભ. વિષ્ણુભાઈ પટેલ (સોલાવાળા)ને ત્યાં સુંદર સભા થઈ

હતી. ત્યારબાદ હરિભક્તોને ત્યાં પધરામણી કરીને હિન્દુ ટેમ્પલમાં પધાર્યા હતા. જ્યાં હરિભક્તોએ પૂ. મહારાજશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું. ત્યાંથી સભામાં પધાર્યા હતા. સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. ૨૫૦ જેટલા હરિભક્તોએ આવો સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા.

તા.૭-૬-૧૨ના રોજ લુહિસવિલ વિસ્તારમાં આપણા ઘણા હરિભક્તોને ત્યાં પધરામણી કરી ધર્મેન્દ્રભાઈને ત્યાં થાળ જમવા પધાર્યા. સાંજે બીજા ઘણા ભક્તોને ત્યાં પધરામણી કરી રાજી કર્યા અને ત્યાં રાત્રી રોકાણ કર્યું.

તા.૮-૬-૧૨ના રોજ સમર સેટ શહેર જવા પધાર્યા. જ્યાં હરિભક્તોને ત્યાં પધરામણી કરીને પ.ભ. ડાહ્યાભાઈ (વડુવાળા) ત્યાં થાળ જમવા પધાર્યા હતા. જ્યાં કોમ્યુનીટી હોલમાં વિશાળ સભામાં હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રી અને સંતોનું ભવ્ય સ્વાગત કર્યું. ૨૦૦ જેટલા ભાવિકોને આશીર્વાદ આપી રાજી કર્યા.

તા.૯-૬-૧૨ના રોજ સમરસેટથી કલિવલેન્ડ જતા રસ્તામાં સીન સિનાટી શહેરમાં જયેશભાઈ કાંતિભાઈ પટેલ (ડાંગરવાવાળા)ને ત્યાં પધરામણી કરીને ઠાકોરજીને થાળ જમાડ્યા. ત્યાંથી પ.પૂ. મહારાજશ્રી સંત-મંડળ સાથે કલિવલેન્ડના ૪થા પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા. જ્યાં કલિવલેન્ડ મંદિરના પ્રમુખશ્રી પ.ભ. પ્રકાશભાઈ પટેલે પૂ. મહારાજશ્રી અને સંતોનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું હતું.

(પ્રકાશભાઈ પટેલ - કલિવલેન્ડ)

## સંવત ૨૦૬૮-૬૯ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓ (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| | **સંવત ૨૦૬૫-૬૬ થી ૨૦૬૯-૭૦** |
| પોર-વાવોલ | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી) |
| ધમાસણા | શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજીગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણ ઘાટ) |
| અસલાલી | શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ પી.પી. સ્વામી (કોટેશ્વર) |
| કણભા | સ્વામી નિલકંઠદાસજી ગુરુ હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) |
| બાલાસિનોર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સુર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| આંતરોલી | સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (નાથદ્વારા) |
| લુણાવાડા | સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ નારાયણજીવન (અમદાવાદ) |
| મારૂસણા | સ્વામી રઘુવીરદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજી (સોકલી) તથા સ્વામી જગદીશપ્રસાદદાસજી સ્વામી કૃષ્ણજીવનદાસજી (ઈડર) |
| ટ્રેન્ટ-સીતાપુર | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| મોટપ | સ્વામી ઉત્તમપ્રિયદાસજી ગુરુ સ્વામી કૃષ્ણકેશવદાસજી (મહેસાણા) |
| ઉંઝા | અનુપમસ્વામી ગુરુ સ્વામી હરિસ્વરૂપદાસજી (ધ્યાની સ્વામી) |
| વિસનગર | શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| સંતરામપુર | શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી ગુરુ સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી (અમદાવાદ) |
| ખાખરીયા | શાસ્ત્રી સ્વામી સ્વયમંપ્રકાશદાસજી ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (જયદેવપુરા) |
| પ્રાંતિજ-મોડાસા | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (અમદાવાદ) |
| | **વર્ષ પ્રમાણેની યાદી** |
| કપડવંજ | શાસ્ત્રી સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (અમદાવાદ) |
| બાલવા | સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ્વામી હરિગોવિંદદાસજી (કાંકરિયા) |
| સાદરા-વાસણા | સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ્વામી નારાયણમુનિદાસજી (અમદાવાદ) |
| ભાત-કાસીન્દ્રા | કોઠાર હસ્તક |
| સાણંદ-ગોધાવી | શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (અમદાવાદ) |
| નળકંઠા | સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ્વામી નારાયણમુનિદાસજી (અમદાવાદ) |
| વિરમગામ | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| કડી-રાજપુર | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિદ્ધપુર જુનુ મંદિર) |
| શિરોહી | સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ્વામી હરગોવિંદદાસજી (કાંકરીયા) |
| લાંઘણજ | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (સિદ્ધપુર જુનુ મંદિર) |
| વડુ-ડાંગરવા | શાસ્ત્રી સ્વામી સિદ્ધેશ્વરદાસજી ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (સિદ્ધપુર) |
| વિહાર-ગેરીતા | શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (અમદાવાદ) |
| મોખાસણ | ગવૈયા સ્વામી ચંદ્રપ્રકાશદાસજી ગુરુ સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા) |

| | | |
|---|---|---|
| ૧૦૫/- | ગજ્જર સંજય વાસુદેવભાઈ પુત્રના જન્મદિને | અમદાવાદ |
| ૧૦૧/- | ગૌદાણી સૌરભ રમેશભાઈ ધો-૧૧ પાસ નિમિત્તે | વેળાવદર |
| ૧૫૦/- | રાઠોડ ઘનશ્યામ અમરશીભાઈ નવા બાઈક નિમિત્તે | નવસારી |
| ૧૦૧/- | પટેલ પ્રિયકાંત મહેન્દ્રભાઈ નવા બાઈક નિમિત્તે | અમદાવાદ |
| ૨૦૦/- | પટેલ નવ્યા હર્ષદકુમાર જન્મદિન પ્રસંગે | અમદાવાદ |
| ૨૫૧/- | પટેલ જેઠાભાઈ એલ. સંગીતા ધો-૧૨ ૭૫%, મનન ધો-૧૦ ૮૯% એ પાસ નિમિત્તે | ડાંગરવા |
| ૧૦૦/- | ચાવડા સહદેવસિંહ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બળોલ-ભાલ |
| ૧૧૧/- | અ.નિ.રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે | મહેસાણા |
| ૧૦૦/- | પટેલ શંકરદાસ જોઈતનદાસ શ્રીજી પ્રસન્નાર્થે | આનંદપુરા |
| ૨૦૧/- | ટાંક સવિતાબેન વજુભાઈ કારખાનાની જગ્યા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | ભાવસાર માર્ગી ભુપેન્દ્રકુમાર ૧૦ માં ૯૪ ટકા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ દશરથભાઈ ગોવિંદભાઈ નવું ટ્રેક્ટર નિમિત્તે | ધમીજ |
| ૧૦૧/- | ગાંગાણી લાલજી રામજીના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | પટેલ હિર સુધીરભાઈ સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે | ચલોડા |
| ૧૦૦/- | પરમાર મહેશ બચુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નાઈરોબી |
| ૧૦૧/- | વાગડીયા વિવેક કાંતિભાઈ ૧૦ માં ૯૮ ટકા નિમિત્તે | અમદાવાદ |
| ૫૦૦/- | પટેલ અમિતકુમાર ચતુરભાઈ તથા શર્મિષ્ઠાબેન અમિતકુમાર ઓસ્ટ્રેલિયાના પી.આર. નિમિત્તે | ગવાડા |
| ૧૦૧/- | ખેર કિશોરસિંહ રામસંગભા શ્રીજી પ્રસન્નાર્થે | બળોલ-ભાલ |
| ૧૦૦/- | પટેલ ધ્રુવ જીતેન્દ્રભાઈ ડીગ્રીમાં પાસ નિમિત્તે | અસલાલી |

**ભેટમાં ગત અંકનો સુધારો**

| | | |
|---|---|---|
| ૧૦૧/- | ગૌદાની મગનભાઈ બાવાભાઈ ના સ્મરણાર્થે | વેળાવદર |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ચૈત્ર વદ-૨ | પટેલ રમીલાબેન દેવચંદભાઈ (બુંદીના લાડુ-મોહનથાળ) | લાલોડા |
| ચૈત્ર વદ-૨ | ગીરીશભાઈ અરવિંદભાઈ શેલત (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૨ | કૃષ્ણાભાઈ કનુભાઈ મેવાડા (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩ | શ્રી સ્વામિનારાયણ યાત્રાસંઘ (ડ્રાયફ્રુટ હલવો) | જયદેવપુરા |
| ચૈત્ર વદ-૪ | કમળાબેન રમણભાઈ (ચુરમાના લાડુ) | ઉનાવા |
| ચૈત્ર વદ-૪ | નારણભાઈ વાલજીભાઈ જેસાણી (ચુરમાના લાડુ) | બળદીયા (કચ્છ) |
| ચૈત્ર વદ-૫ | અ.નિ. કલ્યાણ અણદા (મોતૈયાના લાડુ) | ગોડપર (કચ્છ) |
| ચૈત્ર વદ-૬-૭ | પાવન રતીલાલ હ. બ્ર. રાજુ સ્વામી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૯ | રાણા મહેન્દ્રસિંહ જીવુભા (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૦ | મયંકભાઈ ધીરેનભાઈ અનંતરાય કામદાર (ચુરમાના લાડુ) | પોરબંદર |
| ચૈત્ર વદ-૧૦ | ધીરજભાઈ કે. પટેલ (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૦ | રાજીવ અરવિંદભાઈ પટેલ (મોહનથાળ) | સાપડ |
| ચૈત્ર વદ-૧૨ | કમળાબેન સોમાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | સંતરામપુર |
| ચૈત્ર વદ-૧૩ | અ.નિ. રતીલાલ રણછોડલાલ જોષી (મોહનથાળ) | મહેમદાવાદ |
| ચૈત્ર વદ-૧૩ | હરજી શિવજી (મોહનથાળ) | સુખપર |
| ચૈત્ર વદ-૧૪ | પ્રેમજી માવજી ગોરસીયા (ગુલાબ જાંબુ) | રામપર |
| વૈશાખ સુદ-૧ | સવિતાબેન હિંમતલાલ કોટેચા (મોહનથાળ) | રાજકોટ |
| વૈશાખ સુદ-૧ | મોરી પથાભાઈ દાનાભાઈ (મગશ) | કાલીયાણા |
| વૈશાખ સુદ-૧ | ભીમસિંહ વાલજીભાઈ સોલંકી (મગશ) | બળોલ (ભાલ) |
| વૈશાખ સુદ-૧ | મોદી ભગવતીબેન ચીમનલાલ (મોહનથાળ) | વિસનગર |
| વૈશાખ સુદ-૨ | અ.નિ. મુરજીભાઈ જાદવાભાઈ રાઘવાણી | બળદીયા (કચ્છ) |
| વૈશાખ સુદ-૩ | મનીષભાઈ વોરા (કારભારીશ્રી) (રસ-પુરી) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૩ | કોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજી (મોહનથાળ) | બોટાદ ગુરૂકુળ |
| વૈશાખ સુદ-૪ | કિશોરભાઈ બહાદુરભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૬ | રમણભાઈ જેસંગજી (મોતૈયાના લાડુ) | બાલવા |
| વૈશાખ સુદ-૭ | દિનેશભાઈ હેમાભાઈ અમીન (બુંદીના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૮ | દેવાસ ભીમજી કરશન જેસાણી (ચુરમાના લાડુ) | બળદિયા |
| વૈશાખ સુદ-૮ | કાન્તીભાઈ મોહનભાઈ પટેલ (મગશ) | ઘાટલોડીયા |
| વૈશાખ સુદ-૧૦ | અ.નિ. પ્રેમજી હિરજી હિરાણી (મગશ) | માધાપર (કચ્છ) |
| વૈશાખ સુદ-૧૦ | શામજી પ્રેમજી હિરાણી (મગશ) | માધાપર (કચ્છ) |
| વૈશાખ સુદ-૧૨ | પટેલ ઈશ્વરભાઈ કાળીદાસ (ચુરમાના લાડુ) | ભાણપુર |
| વૈશાખ સુદ-૧૨ | રસીલાબેન કાન્તીલાલ (મોહનથાળ) | આંબા (સુરત) |
| વૈશાખ સુદ-૧૨ | વરસાણી નારણ કરશન (ચુરમાના લાડુ) | કોડકી (કચ્છ) |
| વૈશાખ સુદ-૧૪ | પ્રમોદચંદ્ર બાલમુકુંદ દવે (શીખંડ-પુરી) | ધીણોજ |
| વૈશાખ સુદ-૧૪ | વિનીતભાઈ હિંમતલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૪ | અ.નિ. કાનજીભાઈ રામજીભાઈ વરસાણી (બુંદીના લાડુ) | માનકુવા |
| વૈશાખ સુદ-૧૫ | અ.નિ. જેરામભાઈ પાંચાભાઈ લક્કડ (બુંદીના લાડુ) | સુરત |
| વૈશાખ સુદ-૧૫ | કોકીલાબેન જયંતીલાલ પટેલ (ફ્રુટ મઠો) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૫ | જયેશભાઈ માણેક (બુંદીના લાડુ) | અમદાવાદ |

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

**જેતલપુર :** www.jetalpurdarshan.com

**મહેસાણા :** www.mahesanadarshan.org

**છપૈયા :** www.chhapaiya.com

**ટોરડા :** www.gopallalji.com

**નારણઘાટ :** www.narayanghat.com

સર્વોપરિ છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આશરે દોઢેક વર્ષથી કેબલ લાઈનમાં ફોલ્ટ થવાથી લેન્ડ લાઈન ટેલીફોન બંધ છે.
જેથી નીચેના મોબાઈલ નંબરથી સંપર્ક કરવો.

**મહંત સ્વામી : ૯૪૫૨૧૦૧૧૪૦**

**ઓફિસ : ૯૪૫૨૨૧૨૧૧૬, ૯૪૫૨૪૫૦૦૫૧, ૯૪૫૨૬૬૬૨૫૦**

**અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ**

**અમદાવાદ :** કુંદનબેન ચિમનભાઈ કોઠારી (ઉ. ૮૦ વર્ષ) તા.૫-૫-૧૨ ને વૈશાખ સુદ-૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** કાંતાબેન ડાહ્યાભાઈ ઠક્કર (શ્રી નરનારાયણ આર્યુવેદિક ફાર્મસીવાળા) તા.૧૪-૫-૧૨ ને વૈશાખ વદ-૯ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** કાંતાબેન હિંમતભાઈ શાહ (રાણપુરાવાળા) જેઠ સુદ-૬ ને તા.૨૭-૫-૧૨ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધોળકા :** ઠક્કર કાંતાબેન ધનજીભાઈ ચકુભાઈ તા.૨૬-૫-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**વડુ (તા. કડી) :** શ્રી સ્વામિનારાયણ મંદિર વડુના માજી કોઠારી શ્રી પ.ભ. કાળીદાસ શિવદાસ પટેલ તા.૨-૬-૧૨ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર અક્ષરનિવાસી થયા છે.

**કોઠંબા (પંચમહાલ) :** પ.ભ. સુભાષચંદ્ર વાડીલાલ કાછીયા (ઉ. ૫૫ વર્ષ) તા.૯-૫-૧૨ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વિસતપુરા :** પ.ભ. પટેલ કાંતિભાઈ કાપડીયાના પિતાશ્રી પ.ભ. નારાયણભાઈ શંકરભાઈ પટેલ તા.૨૫-૫-૧૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાવળા :** પ.ભ. રતીલાલ લાલજીભાઈ ઠક્કરના મોટાભાઈ પ.ભ. ભાઈલાલભાઈ લાલજીભાઈ ઠક્કર તા.૨૯-૫-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડેડીયાસણ :** પ.ભ. દાનુભાઈ દેવાભાઈ મોરી તા.૧૨-૫-૧૨ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાયડ :** શ્રી દિનેશભાઈ કે. પટેલના મામા પ.ભ. રમણભાઈ એસ. પટેલ (ધનસુરા) તા.૨-૬-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાયડ :** શ્રી રમેશભાઈ તથા નરેશભાઈના પિતાશ્રી પ.ભ. બહેચરભાઈ ગોકળભાઈ તા.૧૦-૫-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ન્યૂજર્સી :** શ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય નિષ્ઠાવાળા પ.ભ. મહેન્દ્રભાઈ ચોક્સી (ઉનાવા-બાલવાવાળા) તા.૨૭-૬-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.